
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ


| | | |
|---|---|---|
| પુસ્તક : ૬૫ | કારતક | વીર સં. ૨૪૯૪ |
| આત્મ સં. ૭૦ | અંક ૧ | વિ. સં. ૨૦૨૪ |

कालो दुस्तर आगतो जनमनो भोगेषु भग्नं भृशम् ,
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ।
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्धृदि ,
अ.त्मानंदप्रकाशदीपकिरणं प्राप्नोतु शाश्वत्पदम् ॥


—: પ્રકાશક :—

જૈન આત્માનંદ સભા

ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| લેખ | | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧ નવીન વર્ષના મંગળ પ્રભાતે | ... | — | ૧ |
| ૨ શુભભાવના | .... | નાથાલાલ દવે | ૨ |
| ૩ વર્ષાભિનંદન | ... | મુનિકુમાર મ. ભટ્ટ | ૨ |
| ૪ નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે | ... | હરિલાલ દેવચંદ શેઠ | ૩ |
| ૫ જ્ઞાન ઉપાસના | ... | ચત્રભુજ જેચંદ શાહ | ૯ |
| ૬ કલંકિની | ... | મનસુખલાલ તારાચદ મહેતા | ૧૩ |
| ૭ આચાર્ય હેમચન્દ્ર : ઇતિહાસકાર | ... | ભોગીલાલ જ. સાંડેસરા | ૧૭ |
| ૮ બોધવાર્તા સાહિત્ય–શીલધર્મની કથાઓ | ... | મુ મ. ભટ્ટ | ૧૯ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન
**શેઠશ્રી પ્રાણલાલ કે. દોશી, મુંબઈ**

# સ્વર્ગવાસ નોંધ

શિહોર નિવાસી (હાલ ભાવનગર) **શા પોપટલાલ મોહનલાલ** સંવત ૨૦૨૪ના કાર્તક સુદી ૩ શનિવાર તા. ૪–૧૧–૬૭ના રોજ સ્વર્ગવાસી થયા છે તેની નોંધ લેતા અમે ઘણી જ દિલગીરી અનુભવીએ છીએ. તેઓશ્રી સ્વભાવે મિલનસાર અને ધર્મપ્રેમી હતા, તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**શેઠ પનાલાલ ઉમાભાઇ**ના અમદાવાદ મુકામે થયેલ અવસાનની અમો દુઃખપૂર્વક નોંધ લઇએ છીએ, તેઓશ્રી ધર્મપ્રેમી હતા તેમ જ સ્વભાવે મિલનસાર હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા તેમનો આત્મા શાશ્વત શાંતિ પામે એજ પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૫ ] : નવેમ્બર ૧૯૬૭ : [ અંક ૧

## નવીન વર્ષના મંગળ પ્રભાતે

(સ્ત્રગ્ધરાવૃત્ત)

वेदैः साङ्गैः पुराणैः स्मृतिगतवचनैः कापिलैर्धर्मबोधैर्
मार्गैः पातञ्जलीयैर्विविधमतधरैः संप्रदायैरनेकैः ।
यन्नाप्तं भारतीयैस्तदिह भगवता बोधितं येन तत्त्वम्
स्याद्वादाद् वर्धमानः स भवतु जयदः शांतिदश्च त्ववर्षे ॥

આ ભારતવર્ષની પ્રજા છ અંગવાળા વેદોથી, પુરાણોથી, સ્મૃતિઓના વચનોથી, કપિલાચાર્યના સાંખ્યદર્શનના બોધથી, પતંજલિના યોગમાર્ગથી અને બીજા વિવિધ મતવાળા અનેક સંપ્રદાયોથી પણ જે તત્ત્વને સમજી શકી નથી તે તત્ત્વ જેમણે સ્યાદ્વાદમાર્ગથી પ્રજાને સમજાવ્યું છે તે શ્રી વીર પરમાત્મા આ નવીન વર્ષમાં જય તથા શાંતિ આપનાર થાઓ.

यातं भोगाभिलाषैरखिलमिदमहो जीवितं तावकीनं
यत्नो नैव त्वयाऽत्र कृत इह जननक्लेशविच्छेदहेतुः ।
त्यक्त्वाऽऽसक्तिं गजेन्द्रश्रुति शिखरचलेष्वेषु भोगेषु शीघ्रं
आत्मानंदप्रकाशं कुरु हृदयगतं येन शश्वत्सुखं स्यात् ॥

અરે ! તમારું આખું જીવન ભોગની અભિલાષાઓમાં ગયું; જન્મમરણના ફેરા ટાળવાના હેતુસર કાંઈ પણ યત્ન કર્યો નહિ. તો હવે ભોગો તરફની સત્વર આસક્તિ છોડીને આત્માનંદનો પ્રકાશ હૃદયમાં ધારણ કરો કે જેથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુભ ભાવના

( અનુષ્ટુપ )


અન્ને સભર હો ક્ષેત્રો, સરિતા સલીલે ભરી,
પ્રસન્ન લોકનાં ચિત્ત દૈન્ય લો સર્વ સંહરી,
નેત્રે મુખે વસો હાસ્ય, શમો તાપ શમો ક્ષુધા;
વાણી હો શાંત તેજસ્વી, સત્યપૂત ઋતંભરા.

શીલ સંયમથી વાધો લોકનો મહિમા મહત્,
પૌરુષે જીંદગી કેરી વિસ્તરો ક્ષિતિજો બૃહત્;
ન વિક્ષેપ, ન સંઘર્ષ, દૃષ્ટિ માંગલ્યની સદા,
સત્યનિષ્ઠ હજો રાષ્ટ્ર, ધ્યેયનિષ્ઠ હજો પ્રજા.

**નાથાલાલ દવે**



# વર્ષાભિનંદન



( શાર્દુલવિક્રીડિત )

ઘંટાનાદ સુણાય, ઝાલર બજે, નાદો થતા હર્ષના,
ગામેગામ પ્રકાશતા ઘરમહીં દીવા નવા વર્ષના;
ચાલી ગઈ શશીહીન રાત્રિ; જગનો અંધાર ચાલ્યો જતાં
ઊગે નૂતન વર્ષનો રવિ અને ઉત્સાહી લોકો થતાં.

એ નાદો જગનાં સુષુપ્ત જનને ઢંઢોળી જાગ્રત કરે,
ને આ દીપકમાળ સૌ જગતનાં અજ્ઞાનને સંહરે;
એવું નૂતન વર્ષ સર્વ જનની પૂરો મનઃકામના,
ને વર્ષો પછીનાં વીતા સકલને શાંતિસુખારામનાં

**મુનિકુમાર ભટ્ટ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે

આત્માના આનંદની વાતો કરતા કરતા, " આત્માનંદ પ્રકાશ " ૬૪ વરસની લાંબી મઝલ પૂરી કરીને ૬૫માં વરસમાં પ્રવેશ કરે છે. આવું ચોસઠ વરસનું લાંબુ આયુષ્ય તે અમારે મન અતિ આનંદ અને ગૌરવનો પ્રસંગ છે. અને તેનો યશ " આત્માનંદ પ્રકાશ "ને ટકાવી રાખનાર તેના લેખકો, શુભેચ્છકો અને વાંચકોને ફાળે જાય છે. આ શુભ પ્રસંગે અમો એ સૌને શુભેચ્છા સાથે અભિનંદીએ છીએ અને આત્માનંદ પ્રકાશ આત્માના અજવાળા પાથરવામાં વધુ ને વધુ સેવા આપવા તત્પર રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

આનંદ સુખ અને સમૃદ્ધિની શોધમાં તો આજે આખું જગત તલસી રહ્યું છે, પરંતુ આનંદ અખંડ આનંદ કયાં રહેલું છે સાચુ સુખ શેમાં સંતાએલ છે, જીવનની સમૃદ્ધિ કયાં રહેલી છે, તેની સાચી સમજ આજે બહુ જ ઓછી દેખાય છે. આજે તો આત્માના સાચા આનંદને ભૂલીને, દેહના ક્ષણિક આનદ પાછળ જગત આંધળી દોટ મૂકી રહેલ છે. આજનું વિજ્ઞાન આપણને ક્ષણમાત્રમાં હજારો માઈલના લાંબા અંતરે લઈ જાય છે, વિધવિધ વિલાસની રસ સામગ્રીઓ જીવનને અનેકવિધ રસ રંગોથી રંગે છે, ચંદ્ર અને શુક્રની દુનિયાની અજાયબ એવી નવી નવી ખોજ આપણી સામે રજૂ કરે છે અને આ મૃત્યુ લોકમાં જાણે સ્વર્ગનું સ્વપ્ન આકાર લેતું હોય તેવી ભ્રમણામાં મૂકી માનવીને કયાંનો કયાં ચકાવે ચડાવે છે અને એમાં જ જાણે આનંદ-સુખ સમૃદ્ધિ સર્વસ્વ આવી જતું હોય એમ માનવાને પ્રેરે છે. જયારે જ્ઞાની કહે છે 'ભાઈ ! એ સાચું સુખ નથી. જીવનનો સાચો આનંદ તેમાં નથી. અખંડ આનંદની શોધમાં તારે બીજે કયાંય જવાની જરૂર નથી. સાચો આનંદ-શાશ્વત સુખ તો તારા આત્મામાં રહેલું છે, અધ્યાત્મ જ્ઞાનનું એક કિરણ તારા અંતરમાં પ્રગટે એટલે તને સમજાશે કે, આપણે વિજ્ઞાનની દૃષ્ટિએ ઘણું મેળવીએ છીએ, એટમ બોમ્બના એક જ ધડાકાથી દુનિયાને તારાજ કરવાની શકિત ધરાવીએ છીએ, પણ એવું મેળવીને તો આપણે આપણી જાતને જ ભૂલી રહ્યા છીએ. આપણે બધું મેળવીએ પણ પોતાને જ ગુમાવીએ તો હીરો ખોઈને પત્થર ખરીદવા જેવો એ સોદો છે. એટમ બોમ્બ કરતાં પણ અનંત શકિત આપણા આત્મામાં રહેલી છે, તેને આપણે ઓળખીએ, એટલે આત્માના આનંદનો અનંત પ્રકાશ તેમાંથી જ આપોઆપ પ્રકાશશે, અને માનવ જીવનનું સુખ, સમૃદ્ધિ, શાન્તિ આપોઆપ મળી જશે આમ આત્માના આનંદના અજવાળા પાથરવા " આત્માનંદ પ્રકાશ "નો ૬૪ વરસથી અલ્પ પ્રયાસ છે વિનાશના ધુંધવાતા કાળ-સાગરમાંથી કોઈ જીવ પણ આમાંથી થોડો ઘણો પણ પ્રકાશ ઝીલશે તો પણ " આત્માનંદ પ્રકાશ "ની ૬૪ વરસની આ જ્ઞાનયાત્રા સફળ થશે.

× × ×

અનેક આફતો, નિરાશાઓ અને હતાશાઓ વચ્ચે સં. ૨૦૨૩નું વરસ માંડ માંડ આપણે પૂરું કર્યું. સત્તા લોલુપત્તા અને મેલી લાલસાઓથી કાજળ ઘેરૂં બની રહેલુ આજનું રાજકારણ આપણને છિન્ન ભિન્ન કરીને કયાં લઈ જશે તે સમજી શકાતું નથી. દિવસે દિવસે માઝા મૂકી રહેલ કારમી મોંઘવારીમાં પિસાતો, દબાતો, હેરાન પરેશાન થઈ રહેલો સામાન્ય માનવી રાહતનો શ્વાસ કયારે લઈ શકશે તે સમજાતું નથી, અને આ વિષમ પરિસ્થિતિ વચ્ચે, માનવતા જાણે પરવારવા બેઠી હોય તેમ ભાઈ ભાઈ વચ્ચેની હમદીલી–સહૃદયતા પણ વિલુપ્ત થતી દેખાય છે. અને દીન–દુઃખીયાના ઉદ્ધારની ધર્મ–ભાવના પણ ઓસરતી આવે છે. આમ ચોમેર છવાએલ અંધકાર દૂર કરવા માટે " આત્મજ્ઞાનનો પ્રકાશ " એ એક જ રામબાણ ઉપાય છે. જીવનને અજવાળે, જીવન–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિકાસનો માર્ગ બતાવે, અને જીવનના અંતિમ ધ્યેય તરફ દોરી જાય તેવી કોઇ વસ્તુ હોય તો તે "**नाणं पयासं** જ્ઞાન એજ પ્રકાશ" છે. નવા વરસના મંગળ પ્રવેશ પ્રસંગે આપણે ઇચ્છીએ કે આત્મજ્ઞાનનો પ્રકાશ સર્વત્ર પથરાતો આવો અને લોકો સર્વ પ્રકારે સાચા આનંદના અનંત સુખના ભાગીદાર બનો.

× × ×

આપણા રાષ્ટ્રની, સમસ્ત માનવસમાજની આવી વિષમ સ્થિતિ છે. અને આપણો જૈન સમાજ એ પણ આપણા રાષ્ટ્રનું એક અંગ જ છે. એટલે તે પણ એજ વિષમતા અનુભવી રહ્યો છે.

આ વિષમતાનો વિચાર કરી આપણા ધર્મનો વિચાર કરી તે દિશામાં યોગ્ય કરવા માટે આપણી જૈન શ્વે. કોન્ફરન્સે ગત વરસમાં પોતાથી બનતો પ્રયાસ કર્યો હતો. આ પ્રશ્નની વિચારણા માટે કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટિની એક મિટિંગ મળી હતી અને પ્રાન્તે પ્રાન્તમાં પ્રવાસ કરી, પ્રાન્તીય સમિતિઓ નિયુક્ત કરી, સ્વામિભાઇઓને બનતી રાહત આપવાનો પ્રબંધ વિચાર્યો છે. અને તે દિશામાં–ભલે મંદ–પણ કાર્યવાહી ચાલી રહેલ છે. આપણે તે પ્રયાસોને સફળતા ઇચ્છીએ.

સામાજિક દૃષ્ટિએ આવું જ એક નોંધપાત્ર પગલું પાલીતાણાની જૈન શ્રાવિકાશ્રમે ભર્યું ગણાય. સમાજની ત્યક્તા, વિધવા અને નિરાધાર જૈન બહેનોને આશ્રય આપી, ધાર્મિક સંસ્કારોની તાલીમ સાથે જીવન-વિકાસના માર્ગે લઈ જવાનું અજોડ સેવાકાર્ય કરી રહેલ આ સંસ્થાએ પોતાનો હીરક મહોત્સવ ઉજવ્યો, અને અઢીસો બહેનોને આશ્રય આપી શકાય તેવું અદ્યતન સગવડવાળું રૂ. નવ લાખના ખર્ચે નવું મકાન બનાવી તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું, શ્રાવિકા સમાજના ઉત્કર્ષની સમસ્યા આપણા સામે ઊભી છે. તેનો ઉકેલ લાવતી આ એકની એક સંસ્થા વધુને વધુ વિકાસ સાધે અને ભારત ભરમાં આવી સંસ્થાઓ ઊભી કરવામાં આવે એમ અમે ઇચ્છીએ છીએ.

શ્રાવિકાશ્રમની જેમ જ અદ્વિતીય વિકાસ સાધી રહેલ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય–પોતાના વિકાસની દૃષ્ટિએ એક કદમ આગળ મૂકે છે. પુના. વડોદરા અમદાવાદ, વલ્લભવિદ્યાલય ખાતે વિદ્યાલયની શાખાઓ છે અને દરેક શાખા જોતાં તો ઠીક ઠીક વિકાસ સાધી રહેલ છે. તે આપણે જાણીએ છીએ. આવી સંસ્થાની આજે જરૂર છે તે સમજવા–સમજાવવાની જરૂર નથી. આ માટે આપણે એટલું જ કહી શકીએ કે–આજના વિકાસ પામતા ઉચ્ચ કક્ષાના જ્ઞાન–યુગમાં યુગની સાથે આપણા જૈન–અભ્યાસકોને ઊભા રાખવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયે અજોડ-સેવા બજાવી છે અને બજાવી રહેલ છે. આ સંસ્થાએ પોતાનો હીરક–મહોત્સવ ૧૯૬૮ ના જાન્યુઆરીની તા. ૨૬, ૨૭, ૨૮મીએ ઉજવવાનો નિર્ણય કર્યો છે. અને સંસ્થાના વિકાસ માટે જૈન સમાજ પાસે એકવીસ લાખ રૂ.ની ટહેલ નાખી છે. ટહેલમાં અગીયાર લાખ લગભગ ભરાઇ ગયા છે, બાકી રહેલા દસ લાખ, સમાજ પૂરા કરશે એવી શુભેચ્છા સાથે અમો વિદ્યાલયનો વધુ ને વધુ વિકાસ ઇચ્છીએ છીએ.

× × ×

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજની શુદ્ધિ અને એકતા માટેનો એક શુભ પ્રયાસ, આજથી ચાર વરસ પહેલાં અમદાવાદ ખાતે કરવામાં આવ્યો હતો. તે વખતે એક શ્રમણ–સંમેલન મળેલ અને જૈન સંઘની શુદ્ધિ અને એકતા માટેના કેટલાક પ્રશ્નો વિચારવામાં આવ્યા હતા અને તેના ફળસ્વરૂપે એક અખિલ ભારતીય જૈન શ્વે.મૂ સંઘ સમિતિ"ની સ્થાપના કરવામાં આવેલ હતી.

આ સમિતિએ, ચાર વરસના ગાળામાં, જૈન-સંઘની શુદ્ધિ અને એકતા માટે સમાજના આગેવાન આચાર્યો આદિ શ્રમણ સમુદાયનો સંપર્ક સાધી તેઓની સાથે શુદ્ધિ માટે કેટલીક વાટાઘાટો કરી હતી. સમસ્ત સંઘના યોગક્ષેમ માટે આ પ્રયાસ અનિવાર્ય હતો અને એટલો જ સ્તુત્ય હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાર ચાર વરસના સતત પ્રયાસ પછી પણ આ સમિતિ શુદ્ધિકરણ અને એકતાનું પોતાનું ધ્યેય પ્રાપ્ત કરી શકી નહીં, તેને તેમાં સંઘો અને શ્રમણ સમુદાયનો જોઇએ તેટલો સહકાર ન મળ્યો એટલે તે સમિતિને પોતાનું કાર્ય દુઃખાતે હૃદયે સમેટી લેવું પડયું છે તે આપણા માટે અત્યંત દુઃખનો વિષય ગણાય. હજુ પણ સંઘ અને શ્રમણ સમુદાય આ પ્રશ્ન ગંભીરતાથી વિચારે અને સંઘની શુદ્ધિ અને એકતા સાથે જૈન સમાજને પ્રગતિના પંથે વાળે એ જરૂરી છે.

• • •

ભગવાન મહાવીરની અઢી હજાર વરસની જયન્તીનો મહોત્સવ નજીક આવતો જાય છે એટલે આ જયન્તી મહોત્સવ વ્યાપક રીતે ઉજવવાની તૈયારી શરૂ કરી દેવી જોઇએ. ભારતીય સંસ્કૃતિમાં અગત્યનો ભાગ ભજવનાર ભગવાન મહાવીરનો અઢી હજાર વરસનો જયન્તી મહોત્સવ એ માત્ર જૈનો માટે જ નહીં પરંતુ સમસ્ત ભારતને માટે પણ એ ગૌરવનો પ્રસંગ છે. તાજેતરમાં ભ૦ બુદ્ધની જયન્તી ઉજવતી વખતે આ જયન્તીમાં ભારત સરકારે જેવો મહત્ત્વનો સહકાર આપ્યો હતો, તેવો અને તેટલો સહકાર ભારત સરકારે ભગવાન મહાવીરની જયન્તી પ્રસંગે આપવો જોઇએ તેમ અમે માનીએ છીએ કારણ ભારતની "અહિંસા" પ્રધાન સંસ્કૃતિના ઘડતરમાં ભ. બુદ્ધથી પણ વધારે ફાળો ભગવાન મહાવીરે આપ્યો છે.

આ જયન્તી ઉત્સવમાં ભારત સરકારનો સહકાર કેટલો મળશે તે વાત બાજુએ રાખીને આ જયંતી-મહોત્સવ ત્રણે ફિરકાના જૈનોએ એક થઇને શાનદાર રીતે ઉજવવો જોઇએ, અને જૈન-ધર્મ "વિશ્વ ધર્મ" થવાને લાયક છે તે માટેનો આ પ્રસંગે દેશ વિદેશમાં સમજાવવા યોગ્ય પ્રચાર આજથી જ શરૂ કરવો જોઇએ તેમ જ તે માટેનું લોકભાગ્ય સાહિત્ય આધુનિક રીતે તૈયાર કરીને તેનો યોગ્ય પ્રચાર કરવા માટે ત્રણે ફિરકાની એક સંયુક્ત સમિતિ રચીને તે કામ ઉપાડી લેવું જોઇએ.

આ માટે જોઇએ તેટલી જાગૃતિ હજુ દેખાતી નથી. એમ છતાં ભારત જૈન મહામંડળે ભગવાન મહાવીરના જીવન અંગે સર્વમાન્ય ગ્રંથ તૈયાર કરવાની જાહેરાત કરી છે. તે આવકારદાયક પગલું ગણાય. જયન્તીનો સમય હવે નજીક આવતો જાય છે તો આ દિશામાં યોગ્ય જાગૃતિ લાવવાની જરૂર છે.

અહિંસા, સત્ય, તપ અને ત્યાગનો સંદેશો આપનાર ભગવાન મહાવીરના સંતાનો પોતાનો ધર્મ સમજીને તીર્થસ્થાનો, પૂજા પદ્ધતિઓ વગેરેના અંદરોઅંદરના ઝઘડાઓ તથા અન્ય મમતોનો અંત લાવી એકતા સાધે તો ભગવાન મહાવીરનો અઢી હજાર વરસનો જન્મોત્સવ કેવો દીપી નીકળે?

× × ×

હવે થોડું સ્થાનિક વિચારીએ.

ઉંડુ ધાર્મિક ચિન્તન, સંસ્કારપ્રિયતા અને સમયજ્ઞ દૃષ્ટિ માટે ભાવનગરનો સંઘ ભારતના જૈન સંઘોમાં અનોખું સ્થાન ભોગવતો આવ્યો છે. જૈન ધર્મના અભ્યાસ અને પ્રચાર માટે તેણે જેમ મહામૂલી સેવા બજાવી છે તેમ જરૂર પડે, વિશાળ દૃષ્ટિ રાખી જૈન-જૈનેતર સમાજ માટે તે બનતો ભોગ આપતો આવ્યો છે.

સાર્વજનિક દૃષ્ટિ રાખીને આજથી સાઇઠ-સીત્તેર વરસ પહેલાં ભાવનગર ખાતે શેઠ ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળાનો પાયો નખાયો. અને જૈન સખાવતથી ચાલતી આ સંસ્થા સાર્વજનિક દૃષ્ટિએ જૈન કે જૈનેતર બહેનો માટે ખુલ્લી મુકવામાં આવી. ધીમે ધીમે વિકાસ સાધતી આવતી આ કન્યાશાળાનો હજારો જૈન-જૈનેતર બહેનોએ લાભ લીધો છે અને હજી પણ લાભ લઇ રહેલ છે.

જૈનો હંમેશા વિશાળ દૃષ્ટિ રાખતા આવ્યા છે. અને જૈનોનો દાનપ્રવાહ કેવળ જૈનો માટે જ નહિ પરંતુ સાર્વજનિક હિત માટે પણ છે એ હકીકત આજથી સીત્તેર વરસ પહેલા સાર્વજનિક જૈન કન્યા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાળા ખોલીને ભાવનગરે પોતાની વિશાળદષ્ટિનો ખ્યાલ જનતાને આપ્યો છે અને ત્યાર પછી તો શ્રી ગંભીરવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાએ પુષ્કળ જૈન – જૈનેતર વિદ્યાર્થીઓને સંસ્કૃત અભ્યાસ કરવાની તક આપી છે. અને સંઘ હસ્તક ચાલતું શેઠ આણંદજી પરશોતમ જૈન દવાખાનું પણ આજે સાર્વજનિક દષ્ટિએ ચાલી રહ્યું છે તેનો કોઇ પણ જાતના ભેદભાવ વિના આજે સેંકડો જૈન જૈનેતર દરદીઓ લાભ લઇ રહ્યા છે.

આમ વિશાળદષ્ટિને પોષતો ભાવનગરનો જૈન સંઘ, આજે સાર્વજનિક હિતની દષ્ટિએ એક મોટું કદમ આગે મૂકે છે. અને એ છે "જૈન સંઘ સંચાલિત" સાર્વજનિક દવાખાનાની યોજના.

**જૈન ઇસ્પીતાલ:**

ભાવનગરમાં વધતી જતી વસ્તીના પ્રમાણમાં ભાવનગરને એક અદ્યતન સારી ઇસ્પીતાલની જરૂર છે તો જનતાના હિતને માટે આવી અનિવાર્ય જરૂર ભાવનગરના જૈનો કેમ ન પૂરી પાડે એવો શુભ વિચાર સંઘના આગેવાન કાર્યકરોના દિલમાં ઉદ્‌ભવ્યો, એકસો દરદીઓના બીછાનાં, આધુનિક સાધનોવાળુ મોટું ઓપરેશન થીએટર અને એકસરે વગેરે તમામ પ્રકારની સુવિધાવાળી એક મોટી ઇસ્પીતાલ ઉભી કરવાની યોજના વિચારવામાં આવી. ભાવનગરની નગરપાલિકા પાસે તે અંગેની જગ્યા માટે માગણી મુકવામાં આવી અને શહેરના મધ્ય ભાગમાં ગામના તળાવમાં ઇસ્પીતાલ માટે જરૂરી એટલી વિશાળ જગ્યા નામના ભાવે આપવાનો ભાવનગર નગરપાલિકાએ સદ્‌ભાવ દર્શાવ્યો. ભાવનગર જૈન સંઘની વ્યવસ્થાપક કમિટિએ આ યોજના સહર્ષ સ્વીકારી અને સાર્વજનિક ઇસ્પીતાલની આ યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે નીચેના નવ સદ્‌ગૃહસ્થોનું એક ટ્રસ્ટી મંડળ નિયુકત કરવામાં આવ્યું.

૧ શેઠ શ્રી ભોગીલાલ મગનલાલ શાહ
૨ શ્રી જગજીવનદાસ ભગવાનદાસ શાહ
૩ ,, જગજીવનદાસ શીવલાલ પરીખ
૪ શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
૫ ,, લલ્લુભાઇ દેવચંદ શાહ
૬ ,, રમણલાલ અમૃતલાલ શેઠ
૭ ,, પરમાણંદદાસ નરોતમદાસ વોરા
૮ ,, ભાઇચંદ અમરચંદ શાહ
૯ ,, ભોગીલાલ વેલચંદ શાહ

દસ લાખથી વધુ ખર્ચના ભોગે, આ ઇસ્પીતાલ તૈયાર કરવામાં આવશે અને જૈનોની મોટી સખાવતથી સાર્વજનિક જનતા સમાન ભાવે તેનો લાભ લઇ શકશે.

જૈનો માત્ર જૈનો માટે જ નથી. પરંતુ "શિવમસ્તુ સર્વ જગતઃ" નું મંગળ સૂત્ર તેઓ હમેશા ઉચ્ચારતા આવેલ છે અને સમસ્ત જનતાના કલ્યાણ માટે તેમની સંપત્તિ પણ ઉદાર ભાવે સમર્પણ કરતા આવે છે તેનો અનુકરણીય દાખલો આ રીતે ભાવનગરનો જૈન સંઘ બેસાડે છે આ ભાવનગરના જૈન સંઘને માટે ખરેખર ગૌરવનો પ્રસંગ છે. ઇસ્પીતાલ બને તેટલું વેલાસર ઉભું કરવા માટેનો તેના કાર્યકરોનો જે ઉત્સાહ અને તમન્ના છે તેના લીધે ત્રણેક લાખનું દાન તો ભાવનગરના જ જૈન ગૃહસ્થોએ ઉદાર દિલથી નોંધાવ્યું છે અને આ યોજનાને જે આવકાર મળી રહ્યો છે તે જોતાં, ટ્રસ્ટી મંડળ પોતાનું ધ્યેય નજીકના ભવિષ્યમાં સિદ્ધ કરવા ભાગ્યશાળી થશે એવું ઉજવળ ભાવી આજે દેખાય છે. ભાવનગરના જૈન સંઘને ગૌરવ લેવા જેવું સમગ્ર જનતાના હિત માટેનું આ કાર્ય દરેક રીતે સફળ થાઓ એમ અમે ઇચ્છીએ છીએ.

° ° °

જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન લોકો સમજે અને સાચી ધાર્મિકવૃત્તિ જાગે તે માટે હમણાં ગ્રીષ્મ ઋતુમાં "જૈન સંસ્કાર" શિબિરો યોજવાનું કેટલાક વખતથી શરૂ થયું છે. અને ઉનાળાની રજાનો સદુપયોગ કરવાની વૃત્તિથી સ્કુલ અને કોલેજમાં અભ્યાસ કરતા ભાઇઓ પણ આવી શિબિરમાં સારો રસ લ્યે છે. આવી જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતે આપણી બહેનો માટે પણ ગ્રીષ્મ ઋતુમાં "સંસ્કાર કેન્દ્રો" યોજવાની હમણાં હમણાં શુભ શરૂઆત થઇ છે.

આવા એક સંસ્કાર-શિબિર ગયા વરસે ભાવનગરમાં યોજવામાં આવી હતી. લગભગ ૨૫૦ બહેનોએ આ સંસ્કાર કેન્દ્રનો લાભ લીધો હતો. સાધ્વીશ્રી નિર્મળાશ્રીજી, જેઓ એમ. એ. સુધીનો અભ્યાસ કરીને, જૈન તત્ત્વ જ્ઞાનનું સારૂ જ્ઞાન ધરાવે છે, તેઓશ્રીએ આ સંસ્કાર કેન્દ્ર ચલાવવાની જવાબદારી લીધી હતી. અને તેઓશ્રીની લાક્ષણિક શૈલીએ સૌ બહેનોના દિલ હરી લીધા. બહેનોમાં તત્ત્વજ્ઞાનના અભ્યાસની રસવૃત્તિ જાગી અને ધાર્મિક ક્રિયાઓમાં સમજ પૂર્વક ભાગ લેવાની જીજ્ઞાસા જન્મી.

ધાર્મિક શિક્ષણના પ્રચાર માટે આવા સંસ્કાર કેન્દ્રો ખરેખર આવકારદાયક ગણાયા છે.

આ સંસ્કાર કેન્દ્રમાંથી બીજી અગત્યની એ હકીકત ફલિત થઇ કે આપણી સાધ્વી સંસ્થામાં પણ વિદ્વતા છે. જો તેને કેળવવામાં આવે અને તેમની વિદ્વતાનો લાભ લેવાના પ્રસંગો યોજવામાં આવે તો શ્રાવિકા સમાજમાં ધર્મની ઊંડી સમજ અને સંસ્કારો રેડવાનો અતિ મહત્ત્વનો પ્રશ્ન સહજમાં ઉકેલી શકાય. માત્ર સાધ્વી સમાજની શક્તિ ખીલવવાની અને તેનો લાભ લેવાની દ્રષ્ટિ આપણે કેળવવી જોઇએ.

× × ×

હવે આપણે આ સભાનો થોડો વિચાર કરીએ,

સભાને માટે ગત વરસ ઘણું મહત્ત્વનું ગયું એમ કહી શકાય. સભાની સીત્તેર વરસની યશસ્વી કાર્યવાહી નિમિત્તે સભા પોતાનો મણિમહોત્સવ ઉજવવાની ભાવના રાખતી હતી. ગત વરસે આ ભાવના સફળતા પૂર્વક પૂર્ણ થઇ. સમાજના આગેવાન પ્રતિભાશાળી શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખ પણા નીચે સભાએ પોતાનો મણિમહોત્સવ ઉજવ્યો. શેઠશ્રી અમૃતલાલ કાળિદાસ દોશી જેવા સાહિત્યપ્રેમી આ સમારંભના અતિથિવિશેષ તરીકે મળ્યા અને આ સભાના પ્રાણસમાન, આગમ પ્રભાકર મુનિમહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજની નિશ્રામાં આ ઉત્સવ ઉજવવાની અમૂલ્ય તક મળી તે આ સભાના સદ્ભાગ્યની નિશાની છે.

ચૌદ વરસથી જેના સંપાદન માટે, દર્શનશાસ્ત્રોના મહાન વિદ્વાન્ મુનિમહારાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સતત પરિશ્રમ લઈ રહ્યા હતા, તે દર્શન શાસ્ત્રના મહાન ગ્રંથ "દ્વાદશાર નયચક્ર"ના પેલા ભાગનું ઉદ્ઘાટન પણ આ પ્રસંગે વિદ્વવર્ય ડા. એ. એન. ઉપાધ્યેના શુભ હસ્તે કરવાની તક મળી તે આ મહોત્સવને કલગી ચડાવવા જેવું ગણાય,

યુગ દષ્ટિ ઓળખીને સમાજને જોઈતા ધાર્મિક સાહિત્યના પ્રકાશન અને પ્રચારના કામમાં સભા વધુ સફળતા પ્રાપ્ત કરે એવી સૌની શુભેચ્છા માથે ચડાવીને સભાના કાર્યકરો સભાના વિકાસમાં વધુ ને વધુ યશ પ્રાપ્ત કરો એજ મહેચ્છા.

• ◦ ◦

જૈનતત્ત્વ જ્ઞાનના પ્રચાર માટે સામયિકો આ યુગનું અગત્યનું સાધન છે આ સભા તરફથી પણ "આત્માનંદ પ્રકાશ" ચોસઠ વરસથી પ્રગટ કરવામાં આવે છે અને આત્મધર્મનું જ્ઞાન-સાહિત્ય પીરસીને તે યોગ્ય સેવા બજાવી રહેલ છે.

ગત વરસે આ માસિકના ભગવાન મહાવીરની જયન્તી પ્રસંગે તેમ જ પર્યુષણ પર્વ તથા સભાના મણિમહોત્સવની સફળ ઉજવણીની વિગતો રજુ કરતા બે ખાસ અંકો પ્રગટ કરવામાં આવ્યા હતા, તેમ જ બીજા ચાલુ ૭ અંકો પ્રગટ કરવામાં આવ્યા હતા.

શ્રીયુત મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી રતિલાલ મફાભાઇ, શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ, મુનિ મહારાજ શ્રી ૫. ન્યાયવિજયજી મહારાજ, શ્રી હીરાલાલ રસીકલાલ કાપડીયા શ્રી રતિલાલ દીપચંદ દોશી, શ્રી ઝવેરભાઈ બી. શેઠ, આચાર્ય ડો. જિતેન્દ્ર જેટલી, શ્રીમતી ભાનુમતીબેન દલાલ, ડો. ઉપેન્દ્રરાય જે. સાન્ડે-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરા, ડૉ. ભાઇલાલ બાવિસી, શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી અમરચંદ માવજી શાહ વગેરે લેખકોએ પોતાની રસસામગ્રી મોકલી વાચકોને રસમય વાચન પૂરૂ પાડયું હતું તે સૌનો આભાર માનતા ઇચ્છીએ છીએ કે આ માસિકને વધુ સમૃદ્ધ કરવાના મનોરથો આ વરસે વિશેષ સફળ થાઓ.

સાહિત્ય પ્રકાશનની દ્રષ્ટિએ સભાએ ગૌરવ લેવા જેવો દર્શનશાસ્ત્રનો પ્રાચીન ગ્રંથ 'શ્રી દ્વાદશાર નયચક્ર' ભાગ ૧ લો સભા પ્રગટ કરી શકી છે અને તેનો બીજો ભાગ નજીકના ભવિષ્યમાં પ્રગટ કરવાની આશા છે.

આ ઉપરાંત બીજુ લોકભોગ્ય જૈન સાહિત્ય તૈયાર કરીને પ્રગટ કરવાની તેમજ આ સભાના ભૂતપૂર્વ સેક્રેટરી સ્વ. વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીની સેવાની સ્મૃતિરૂપે એક ગ્રંથ પ્રગટ કરવાની ભાવના આ વરસે પાર પડશે એવી આશા છે.

મણિ-મહોત્સવ પછી જે નવી પ્રેરણા મળી છે તેના ફળસ્વરૂપે જૈન સાહિત્યના પ્રકાશનો-સંશોધન અને પ્રચારની દ્રષ્ટિએ બને તેટલું કરવાની સભાના કાર્યકરોની ઉમેદ છે.

સભાની સાહિત્ય સેવાથી આકર્ષાઇને આ સભામાં ભારતના ઘણા આગેવાન સાહિત્યપ્રેમી ગૃહસ્થો પેટ્રન તરીકે જોડાયા છે. તેમાં ગયા વરસે પણ ઠીક ઠીક ઉમેરો થયો હતો, અને હાલની શુભેચ્છા જોતા અમોને આશા છે નવા વરસમાં પણ ઘણા સાહિત્ય પ્રેમી ગ્રહસ્થોનો પેટ્રન તરીકે કે અન્ય રીતે સાહિત્ય પ્રકાશનના કાર્યમાં સારો સહકાર મેળવવા સભા ભાગ્યશાળી બનશે.

સભાના વિકાસમાં મહત્ત્વનો ભાગ આપી રહેલા આગમપ્રભાકર મુનિમહારાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ વિદ્વાન મુનિમહારાજ શ્રી જંબૂવિજયજી મહારાજ, તથા અન્ય પૂજ્ય મુનિ મહારાજો વિદ્વાનો અને દાનવીરોનો જે પ્રેમ ભર્યો સાથ સભાને મળ્યો છે અને મળી રહ્યો છે તે સૌનો આ તકે આભાર માન્યા વિના અમો રહી શકતા નથી

આમ ઉત્સાહ પ્રેરક વાતાવરણ વચ્ચે સભાનું ગત વરસ ઘણી સારી રીતે વ્યતિત થયું અને નવો ઉત્સાહ પ્રેરતું ગયું છે. પરંતુ સાથે સાથે એક દુઃખદ ઘટનાને અમે ભૂલી શકતા નથી આ સભાના સર્જનમાં મહત્ત્વનો ફાળો આપનાર આ સભાના ઉપપ્રમુખ શ્રી ફત્તેહચંદભાઇ ઝવેરભાઈનું અવસાન થતાં સભાએ એક સારો અને આત્મીય સાથીદાર ગુમાવ્યો છે. એક તત્ત્વચિંતક શ્રદ્ધેય શ્રેષ્ટિવર્યની સમાજને ખોટ પડી છે તથા એ કર્મયોગીને અમારી શ્રદ્ધાંજલિ અર્પી અમે વિરમીએ છીએ અને પ્રાર્થીએ છીએ કે:—

" ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇજા "

**હરિલાલ દેવચંદ શેઠ**

**વસુંધરાનું વસુ થાઉં સાચું; હું માનવી માનવ થાઉં તો ઘણું.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન ઉપાસના

લેખક : ચતુર્ભુજ જેચંદ શાહ

**આ** પહેલા ધર્મ ઉપાસના વિષે લખવા પછી જ્ઞાન ઉપાસના વિષે લખવાનું થાય છે. ઘણી ઘણી ધર્મ ક્રિયાઓ વ્રત તપશ્ચર્યા કરવા છતાં જૈનોનું જીવન વિશુદ્ધ થતું કેમ દેખાતું નથી તેનું કારણ ઉડાણથી વિચારવામાં આવે તો એ છે કે ઘણાઓ મોટે ભાગે સમ્યક્ દર્શન જ્ઞાનની સમજણ ભાવના વગર ધર્મ આચરણ કરે છે. દેવ ગુરૂ ધર્મમાં શ્રદ્ધાની વાતો છતાં વાસ્તવિક દેવ ગુરૂ ધર્મના સ્વરૂપની સમજણ બહુ ઓછાને છે. ધર્મથી અર્થ, કામ અને મોક્ષ મળે છે, આ સંસારમાં આ ભવ પરભવમાં સંસારિક સુખ વૈભવ અને સ્વર્ગના સુખ તેમજ મોક્ષ સુખ પણ મળે છે એમ માની ઘણી ખરી ધમક્રિયાઓ અરિહંત ભગવાનના પૂજન સાથે દેવ દેવીઓના પણ આરાધન સંસારિક સુખ મેળવવાની દષ્ટિએ થાય છે. પણ જૈન ધર્મનો આદર્શ અંતિમ ઉદ્દેશ મોક્ષ સાધનાનો છે. અને તે માટે આ સંસારના મનુષ્ય તેમજ સ્વર્ગલોકના સર્વ પ્રકારનાં પૌદ્ગલિક સુખો સુખ વૈભવનો પણ ત્યાગ કરવાનો છે અને આ ભવ પરભવના દેહ ધારણ જન્મ મરણ રૂપ ભવ ભ્રમણનો સદાકાળ માટે અંત લાવી સર્વ શુભ અશુભ કર્મથી કષાયાદિ રાગદ્વેષથી સર્વથા મુકત થવાનો અને અનંત જ્ઞાન દર્શન ચારિત્ર સ્વરૂપી જ્યોતિર્મય શાશ્વત સમભાવ સુખ–મોક્ષ પ્રાપ્ત કરવાનો છે. પણ એ મોક્ષ માર્ગનો પંથ ઘણો લાંબો વિકટ, ઘણી ધીરજ અને સહનશીલતા માગે તેવો છે. પ્રથમ સમકિત પ્રાપ્તિ પછી થોડા ભવોમાં મોક્ષે જનારાની સંખ્યા અતિ અલ્પ હોય છે. ભગવાન મહાવીર જેવા તીર્થંકરને પણ પૂર્વ ભવમાં સમકિત પ્રાપ્તિ પછી મુખ્ય ૨૭ સત્તાધીશ અને બીજા મોટા નાના અસંખ્યાતા ભવોમાં કંઈક સ્વર્ગ અને નરકના. કંઈક તીર્યંચ અને મનુષ્ય ગતિના ચડતી પડતીના સુખ દુઃખો ભોગવવા પડેલ છે, અને છેલ્લા સતાવીસમા ભવમાં કર્મ નિર્જરા માટે વરસો સુધી ઘોર તપશ્ચર્યા કરી પ્રાણાંત કષ્ટ આપે તેવા ઉપસર્ગો સહન કરી કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત કર્યા છે. શુભ ભાવના પૂર્વક દાન દયાદિ ધર્મ અને વ્રત તપશ્ચર્યાદિના પાલનથી સંસારના સુખ પણ મળે છે તે ખરૂં. પણ એ તો જીવન પોષક અનાજ ઉત્પાદન સાથે ઘાસ પણ ઉગે તેના જેવી વાત છે. ધર્મ ક્રિયાથી મળતા સંસારના સુખ મોક્ષ માર્ગના લાંબા પંથમાં વિસામા વિશ્રાંતિ સ્થાન જેવા છે. પણ સંસાર પોતે જ સરવાના સ્વભાવવાળો પતનશીલ છે. તેવા સંસારમાં ધર્મથી પ્રાપ્ત થતાં સુખમાં મોહ પામનાર અથવા સંસારના સુખ અર્થે ધર્મ આરાધન કરનારનું છેવટ કારમું પતન થાય છે, અને થોડા કાળના થોડા સુખના બદલામાં ઘણા લાંબા અસંખ્યાતા કે અનંતકાળ સુધી દુઃખની ગર્તામાં ગબડે છે. ધર્મ આરાધનથી સંસારના વિષયાદિ ઇન્દ્રિયોના સુખો બહુ તો એકાદ ભવ પૂરતા ભોગવાય છે. પણ તે સુખ ભોગવતા તેમાં મોહ પામતા રાગદ્વેષ બંધાતા ક્રોધાદિક કષાયો અને હિંસાદિ કર્મોથી જે પાપબંધ થાય છે તેના પરિણામે કેટલા સંખ્યાતા અસંખ્યાતા ભવો સુધી દુઃખ ભોગવવા પડે છે તેનો કર્મના નિયમ અનુસાર વિચાર કરવામાં આવે તો ધર્મક્રિયા સંસારિક સુખ મેળવવાની દષ્ટિએ નહિ પણ આત્મિક આધ્યાત્મિક સુખ દષ્ટિએ કરવી જોઇએ તે સમજાશે.

જૈન ધર્મની કોઈ પ્રવૃત્તિનો હેતુ સંસારિક સુખ માટે નથી પણ આત્મિક આધ્યાત્મિક સુખ માટે છે. તે માટે સંસારનાં સુખોનો પણ ત્યાગ કરવાનો છે. એટલે ધર્મ ઉપાસના ધર્મક્રિયા એવા હેતુ લક્ષી જ્ઞાન પૂર્વક કરવાની છે. તે માટે **ज्ञानक्रियाभ्याम् मोक्षः**. **ज्ञानस्य फलं विरतिः** પ્રથમ જ્ઞાન અને પછી દયા વગેરે જ્ઞાનના મહત્વ દર્શક સૂત્રોની પરમ ઉપકારી જ્ઞાની ભગવંતોએ આપણને શીખ આપી છે. એટલે જે કાંઇ ધર્મ પ્રવૃત્તિ ધર્મક્રિયા કરવામાં આવે તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મશ્રેય સાધક જ્ઞાનપૂર્વક કરવી જોઈએ. જે કોઈ ધ્યેય અનુસાર પ્રવૃત્તિ કરવાની હોય તે ધ્યેય સાધક સમજણ પૂર્વક કરવી જોઈએ. તેમ ધાર્મિક ક્ષેત્રે પણ પરમ આત્મશ્રેય સાધક મોક્ષ માર્ગ માટે જ્ઞાન ઉપાસના કરવી આવશ્યક છે. તે જ્ઞાન ઉપાસના જીવાદિ તત્ત્વોની યથાર્થ સમજણથી થઈ શકે. જીવમાં રહેલ આત્મ તત્ત્વ અને અજીવ એટલે પુદ્‌ગલ જડ તત્ત્વમાં મૂળભૂત ભેદ છતાં સંસારમાં જીવાત્માને અનાદિકાળથી કર્મરૂપી જડ તત્ત્વ સાથે સંબંધ શું કારણે છે, જીવાત્માના ભવોભવ દેહધારણ અને શુભ અશુભ પૌદ્‌ગલિક પર્યાયોના કારણભૂત કર્મબંધ સત્તા ઉદયાદિ ભાવો કેમ અનુભવાય છે અને જીવાત્મા છેવટ કઈ રીતે કર્મ નિર્જરા કરી કર્મ મુક્ત થઈ સિદ્ધ બુદ્ધ થાય છે તેનું જ્ઞાન મેળવવું આવશ્યક છે. જીવાત્માને સંસારમાં જકડી રાખનાર મૂળ કારણ મિથ્યાત્વ છે. અને તે મિથ્યાત્વના પરિણામે રાગદ્વેષ કષાયદિ ભાવ પેદા થાય છે અને અનેકવિધ કર્મ બંધાય છે અને ચારેગતિ અને પાંચે જાતિમાં ભવભ્રમણ થાય છે. તે મિથ્યાત્વ આત્મહિત પરમ શ્રેયની સમજણ થવા દેતું નથી અને જીવને સંસારની ગાઢ આસંતિક આસક્તિ રાગમાં જકડી રાખે છે. ટુંકમાં સંસારમાં જ અંતિમ પરમ સુખની ખોટી માન્યતા એજ મિથ્યાત્વ. તે મિથ્યાત્વની સંસારમાં જ સુખ માણવાની ખોટી માન્યતાના પરિણામે જીવ રાગદ્વેષ કષાયાદિ ભાવો અનુભવે છે, અને અનેકવિધ હિંસાદિક પાપમય પ્રવૃત્તિ કરે છે. ક્રોધાદિ કષાય ભાવથી તેનું ચિત્ત સદાવ્યગ્ર ક્લેશમય દુઃખવ્યાપ્ત રહે છે અને ઇન્દ્રિયાદિ વિષયાદિ ક્ષણિક સુખ મેળવવા તથા ભોગવવા તે ઘણા જીવોની હિંસા કરે છે, ઘણાને અનેકવિધ દુઃખસંતાપ આપે છે. જીવ જેવાં કર્મ કરે તેવાં તેને ભોગવવાં પડે જ છે તે કર્મરાજના અટલ નિયમ પ્રમાણે આ ભવ પરભવમાં પોતે પણ દુઃખી થાય છે અને સંસારમાં ક્ષણિક સુખ માટે અનંતકાળ સંસાર ભ્રમણ દુઃખ પરંપરા ચાલે છે. સંસારરૂપી વૃક્ષના મૂળ અને તેનો વિસ્તાર મિથ્યાત્વ મોહ રૂપી કર્મ બીજનો પ્રભાવ છે તેમાંથી જ રાગદ્વેષ કષાય અને તે કષાયમાંથી જ જીવની સંસારની સર્વ પ્રવૃત્તિનું નિર્માણ થાય છે અને જેમાં સુખનું પ્રમાણ અને કાળ અતિ અલ્પ અને દુઃખના પ્રમાણ અને કાળ અત્યંત વધારે એવા આ સંસારની લીલા વિસ્તરે છે. તે મિથ્યાત્વ મૂલક પોષક માન્યતાને કારણે જ્યાં સુધી તેને આત્મહિતની આત્મશ્રેયની સાચી સમજણ યાને સમકિત પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી તે આ સંસારમાં અનંતકાળ ભવ ભ્રમણ જન્મ મરણાદિ દુઃખ અનુભવે છે, પ્રાયઃ પોતે દુઃખી થાય છે તે સાથે બીજા અનંત જીવોને દુઃખી કરે છે.

સંસારના ભવ ભ્રમણ દુઃખ પરંપરામાંથી છૂટવા અને આત્માના પરમ શ્રેય શાશ્વતા સુખની સાધના કેવી રીતે થાય તે વિષે વિચારવું જોઈએ. આપણે ભાગ્યશાળી છીએ કે આપણે ભગવાન મહાવીર સ્વામી પ્રણીત શાસનના પવિત્ર ધાર્મિક સંસ્કારોથી થોડા વાસિત છીએ, અને કાળબળના ઘણા ઘસારા અને ધર્મ ઉપર બીજા અત્યાચારો અને વિનાશ છતાં જૈન દર્શન તત્ત્વજ્ઞાન તથા ધર્માચાર રૂપ શ્રુતજ્ઞાનનો વારસો આપણને ઠીક સારા શુદ્ધ સ્વરૂપે મળેલ છે. જૈન દર્શન તત્ત્વજ્ઞાનનું ધ્યેય મોક્ષ છે અને જૈન ધર્માચાર તે મોક્ષમાર્ગની સાધના માટે છે. ભગવાન મહાવીરના ગણધર ભગવંતો તથા શ્રુત કેવળી ભગવંતો તથા બીજા આચાર્યાદિ જ્ઞાની ભગવંતોએ આગમાદિ ગ્રંથો અને બીજા ઘણા તત્ત્વજ્ઞાન અને આચાર વિષયક ધર્મ શાસ્ત્રોની સંકલના રચના કરી આપણા ઉપર મહાન ઉપકાર કરેલ છે. તેઓએ સાધુ જીવનના અનેક કષ્ટો પરિષહો વેઠી સંયમ ધર્મનું પાલન કરી આહાર વિહારના કડક નિયમોનું પાલન કરી કેવળ નિઃસ્વાર્થ ભાવે આત્મહિત બુદ્ધિએ પરોપકાર અને કરૂણાભાવથી શ્રુતજ્ઞાનના હજારો ગ્રંથોની રચના કરી અને આ કારમા કલિ કાળમાં બને તેટલું તેનું રક્ષણ કરી અને સતત ઉપદેશ આપી આપણને જ્ઞાન અને આચારનો જે વારસો આપેલ છે તે માટે આપણે તે જ્ઞાની ભગવંતોનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. એટલે આપણે આત્મશ્રેય સાધનાર્થે તે શ્રુતજ્ઞાનનો અભ્યાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવો જોઈએ. તે શ્રુતજ્ઞાન આ સંસારના ગાઢ અજ્ઞાન અંધકારમાં રખડતા રઝળતા મનુષ્યોને સન્માર્ગ દર્શક દિવ્યચક્ષુ સમાન છે. કોઈ જન્માંધને ચર્મચક્ષુનું તેજ પ્રાપ્ત થતા આ દુનિયાના સુખમય દશ્યો જોઈને જે આનંદ થાય છે તે કરતા ઘણો વિશેષ આનંદ આત્મ-જ્ઞાન દર્શક શ્રુતજ્ઞાન રૂપી દિવ્ય ચક્ષુથી પ્રાપ્ત થાય છે. જો કે તે શ્રુતજ્ઞાન દ્વારા જીવાત્માએ પોતે જ જ્ઞાનના ક્ષયોપશમ યોગ્યતા મુજબ આત્મશ્રેય સાધક જ્ઞાન મેળવવાનું છે. પણ તે માટે શ્રુતજ્ઞાન સૌથી મહત્વનું સાધન છે એ બરોબર સમજવાની જરૂર છે. એટલે શ્રુતજ્ઞાનનો જે મહામુલ્ય વારસો આપણને મળેલ છે તેનો દરેકે પોતાની શકિત મુજબ અભ્યાસ કરવાની કરાવવાની અને તેનાં સાધનો પૂરાં પાડવાની યથા શકિત સૌની ફરજ છે અને સૌએ આત્મહિતાર્થે જ્ઞાન ઉપાસના કરવાની છે.

તે જ્ઞાન ઉપાસના માટે શ્રુતજ્ઞાનના અભ્યાસ વિષે વિચાર કરવાની જરૂર છે. આ કાળમાં કાગળ અને યાંત્રિક છાપકામ કળાની ઘણી સગવડ છે તેથી અગાઉ કદી નહોતા તેટલા મોટા પ્રમાણમાં હાલ જ્ઞાન પ્રાપ્તિના પુસ્તકોના સાધનો છે. હાલનું જ્ઞાન મુખ્યત્વે ભૌતિક પદાર્થોના ઉત્પાદન અને ઉપયોગ તથા દુનિયામાં સુખી જીવનવ્યવહારી દૃષ્ટિએ શાળા અને કોલેજોમાં શિક્ષણ દ્વારા અપાય છે. તે સિવાય રોજના છાપાઓ અઠવાડિકો માસિકો અને ખાલી માનસિક આનંદ આપતા રોમાંચક વાર્તાના પુસ્તકો એટલા મોટા પ્રમાણમાં છપાય છે અને વંચાય છે કે તેમાંથી જીવન ઉપયોગી જ્ઞાન બહુ ઓછું મળે છે. તેનો ઉપયોગ કરતા દુરોપયોગ વિશેષ થાય છે. ઉપરાંત માનસિક વિકૃતિ અને અશ્લીલતા અને અનૈતિક સંબધોની ઉત્તેજના કરતા સાહિત્ય અને સીનેમાના ચલચિત્રોનો એટલો બધો ઉપયોગ થઈ રહ્યો છે કે તે ઘણુંખરું જીવનના માનસિક, નૈતિક અને શારીરિક પતન કરનાર જ્ઞાન અને સાધનો પૂરા પાડે છે. તેનું વ્યસન યુવાન પ્રજાને એટલું બધું લાગેલ છે કે તેની ગંભીર માઠી અસર જીવનના ઘણા ક્ષેત્રે દેખાય આવે છે. જેમણે જ્ઞાન ઉપાસના ધર્મ ઉપાસના કરવી હોય તેમણે આવા નૈતિક પતન કરનાર ગંદા સાહિત્યનું વાંચન અને હાલના ઘણાખરા ચલચિત્રો જોવાનું બંધ કરવું જરૂરી છે. તે સિવાય જીવન વ્યવહાર દૃષ્ટિએ શાળા અને કોલેજો વિગેરેમાં અપાતું શિક્ષણ ભૌતિક સુખ સાધના માટે ઉપયોગી છે. તે જીવનની પ્રાથમિક જરૂરીયાત પૂરતું ઉપયોગી છે. પણ તે ભૌતિક જ્ઞાન આત્મહિત દૃષ્ટિએ ખાસ કાંઈ ઉપયોગી નથી. તે માટે આત્મહિત દૃષ્ટિએ ધર્મસાધના માટે ધર્મવિષયક જ્ઞાન એટલે શ્રુતજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન મેળવવું જોઈએ અને તે માટે જે શાસ્ત્રગ્રંથો સાધનો હોય તેનો યોગ્ય અભ્યાસ પૂર્વક ઉપયોગ કરવો જોઈએ. પણ આ દુનિયાની ઘણી ધમાલીયા પ્રવૃત્તિમાં સામાન્ય જનતાને જીવન નિર્વાહની સતત ચિંતા રહે છે. તથા શ્રીમંત સુખી માણસોનો વેપાર ઉદ્યોગની પ્રવૃત્તિ પછી મોઝશોખ એશઆરામ સામાજિક સંમેલનો કલબો અને આનંદ પર્યટનમાં એટલો બધો વખત જાય છે કે ધાર્મિક અભ્યાસ અને આધ્યાત્મિક ચિંતન મનન કરવાની બહુ થોડાઓને ફુરસદ મળે છે. તેમાં જે થોડા ધાર્મિક વૃત્તિના હોય છે તેનો ઘણોખરો સમય રોજની ધાર્મિક ક્રિયા અને આડંબરી પૂજાદિ અનુષ્ઠાનોમાં એવી રીતે જાય છે કે જે ધર્મક્રિયા આધ્યાત્મિક વિકાસ જીવન શુદ્ધિ સાધવા માટે છે તે માટે સ્વાધ્યાય આત્મચિંતન સ્વરૂપી ધર્મ ધ્યાન કોઈક જ કરે છે. બધું કર્તવ્ય ધર્મક્રિયા અનુષ્ઠાનોમાં જ સર્વસ્વ માની જે ધર્મક્રિયા આત્મ-હિતાર્થે કરવાની છે તે આત્માને જ ભૂલી જવાય છે. આ લખનાનો હેતુ જરૂરી ધર્મક્રિયાનો નિષેધ કે તે કરનારની નિંદા કરવાનો નથી. પણ ધર્મક્રિયા અને અનુષ્ઠાનો ઉત્સવોનો હાલ એટલો બધો અતિરેક થયો છે કે તેના બોજા નીચે જીવન વ્યવહાર શુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસ સાધવાનું ભાગ્યે જ કોઈથી બને છે તે બતાવવા પૂરતી વાત છે. તેનું કારણ ધર્મ પ્રવૃત્તિના પાયામાં જોઈએ તેવા શુદ્ધ આત્મ-લક્ષી દર્શન શ્રુતજ્ઞાન આત્મજ્ઞાન અથવા શાસ્ત્ર ભાષામાં કહીએ તો સમ્યક્ દર્શન જ્ઞાનનો, ઘણાખરામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભાવ છે. તેઓની આત્મા અને આત્મજ્ઞાનની વાતો ઉપરચોટીઆ અને બહુ તો વ્યાખ્યાનમાં પૂજ્ય ગુરૂમહારાજના ઉપદેશ સાંભળવા પૂરતી હોય છે. પણ તેમાંનુ કાંઇ જ્ઞાન આત્મપરિણત થતું નથી. તેની પાછળ કાંઇ અભ્યાસ સ્વાધ્યાય ચિંતન મનન હોતા નથી. તેથી આ ભવ પરભવમાં ધર્મ ક્રિયા અનુષ્ઠાનો ઉત્સવો આડંબરી પૂજાઓને જ સર્વશ્રેય સાધક સુખ દાયક માની તેમાં જ ઇતિકર્તવ્યતા મનાય છે અને બ્રાહ્મણોની ક્રિયાઓ વિધિવિધાનો માફક તેના કરનારા પોતાના આત્માને જ ભૂલે છે. અને આત્માના અનંત જ્ઞાનાદિક ગુણો, પ્રશમભાવ, ક્ષમાદિભાવ, મૈત્રી આદિ ગુણો રાગદ્વેષ, વિષય કષાયની ઉત્તરોત્તર મંદતા વિગેરે આત્મશ્રેય સાધક ગુણોનો ભાગ્યે જ વિચાર કરે છે.

ધર્મ ક્રિયા ધર્મ પ્રવૃત્તિ લગતી આ ખેદજનક સ્થિતિ કેમ સુધરે તે વિચારવું રહ્યું. ધાર્મિક ઉપાસના માટે જ્ઞાન ઉપાસના અને તે માટે શ્રુતજ્ઞાનનો અભ્યાસ ધાર્મિક શિક્ષણ આવશ્યક છે. ઘણા શહેરો ગામોમાં ધાર્મિક પાઠશાળાઓ ચાલે છે તેમાં મુખ્યત્વે પંચ-પ્રતિક્રમણના સૂત્રોનો અભ્યાસ થાય છે. તે બાળ કાળમાં થતો હોવાથી તેનો અર્થપૂર્વક અભ્યાસ બહુ ઓછા કરે છે. થોડા આગળ વધે તો ત્રણ ભાષ્ય અને જીવ વિચાર દંડક સંગ્રહણી જેવા પ્રકરણ ગ્રંથોનો અભ્યાસ કરે છે. તેમાં કોઇક નવતત્ત્વો અને કર્મ-ગ્રંથોનો અભ્યાસ પણ કરે છે. મોટા ભાગે તે મૂળ સૂત્રો મુખપાઠ થાય છે. તેનું અર્થ ગ્રહણ પણ ભાષાંતર જેવું ટુંકભાષી સૂત્રોમાં રહેલ તત્ત્વજ્ઞાનનો મર્મ સમજાય નહિ તેવું થાય છે. તેવો અભ્યાસ કરનારાઓમાં મોટા ભાગની સંખ્યા કન્યાઓની અને થોડી મોટી ઉંમરની સ્ત્રીઓની હોય છે. તેવા અભ્યાસ કરનારા કુમારો અને પુરૂષોની સંખ્યા ઘણી ઓછી હોય છે. વ્યવહારિક શિક્ષણનો ઘણો વધેલ બોજો, ઉપરાંત બીજી પ્રવૃત્તિ તથા પ્રમાદ કારણે તથા સારા ધાર્મિક શિક્ષકોની ભારે ખેંચના કારણે કુમારો અને પુરૂષોમાં ધાર્મિક અભ્યાસ કરનારાઓની સંખ્યા ઘણી ઘટી છે અને ઘટતી જાય છે. વ્યવહારિક શિક્ષણના ઉંચા ધોરણોમાં અને કોલેજનાં અભ્યાસ કાળમાં ધાર્મિક અભ્યાસ કરનારા લગભગ નહિવત્ છે. સારા બુદ્ધિશાળી અને જૈન સમાજના ઉપલા થરના હજારો વિદ્યાર્થીઓ એક અથવા બીજા કારણે ધાર્મિક અભ્યાસ કરતા નથી અને ધાર્મિક જ્ઞાન અને ક્રિયા બંનેથી ઘણુંખરૂં વંચિત રહે છે અને વખત જતાં ધર્મ પ્રત્યે ઉદાસીન ઉપેક્ષા વૃત્તિના થાય છે. ઉપરાંત ધાર્મિક સારા શિક્ષકોની ભારે ખેંચ છે. તે સૌના અનુભવની વાત છે. ઘણા સ્થળે શહેરોમાં પણ સારા ધાર્મિક શિક્ષકો મળતા નથી. કોઇક મળે તો હાલની મોંઘવારીમાં એવા મોટા પગાર માગે છે તે બે ત્રણ કલાકના અભ્યાસ માટે ઘણા શહેરો ગામોને પોસાય નહિ. ધાર્મિક ક્ષેત્રે આવી દુઃખદ પરિસ્થિતિ છે તે સુધરે તો જ સારા પ્રમાણમાં ધાર્મિક અભ્યાસ થઇ શકે. પંચ પ્રતિક્રમણાદિ સૂત્રોનો સામાન્ય અભ્યાસ પણ વિશેષ જ્ઞાન પ્રાપ્તિ માટે પાયારૂપ છે. તેટલું જ્ઞાન ધરાવનાર રોજની ધર્મક્રિયા ન કરે ઓછી કરે તો પણ તેવા અભ્યાસથી આત્મ જાગૃતિ અને ધર્માચારમાં જાગૃતિ રહે છે. અને નિંદાત્મ પાપકર્મોથી ડરતો પાપભીરૂ રહે છે. ધર્મ ઉપાસના અને જ્ઞાન ઉપાસનાની શરૂઆતમાં એ પાયાના સૂત્રોના મુખપાઠ અને અર્થ પૂર્વક અભ્યાસ વિશેષ અભ્યાસ માટે ઘણો જરૂરી ઉપયોગી છે. તે નાની ઉંમરે સહેજે થઇ શકે. તે પછી મોટી ઉંમરે અર્થનો અભ્યાસ સહેલો થાય.

તે ઉપરાંત જેઓ વધારે બુદ્ધિશાળી ધર્મ શ્રદ્ધા-ભાવના વાળા અને આત્મહિત ચિંતન કરનારા છે તેમણે જૈનદર્શન–ધર્મનું હાર્દ સમજવા જૈન તત્ત્વજ્ઞાન –દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવો જરૂરી છે. તે માટે પ્રથમ નવ તત્ત્વોનો અને તે પછી તત્ત્વાર્થ જેવા સૂત્રનો અર્થપૂર્વક અભ્યાસ, અને તે પછી જૈન ધર્મના અનન્ય કર્મશાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી છે. જૈન ધર્મના સર્વ સૂત્ર ગ્રંથોમાં કર્મશાસ્ત્રનો અભ્યાસ સૌથી વધારે કઠીન દુષ્કર દુર્ગમ મનાય છે. તે મુખપાઠ થઈ શકે નહિ તો પણ તેના વારંવાર વાંચન મનનથી જીવાત્માને અનાદિ કાળથી ભવ ભ્રમણ કરાવનાર કર્મનું સ્વરૂપ અને તેના બંધ ઉદયથી થતાં જુદી જુદી ગતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાતિમાં ભવ ભ્રમણ મિથ્યાત્વ ભાવ અને હિંસાદિક પ્રવૃત્તિથી આત્માની થતી અધોગતિ, અને કાળક્રમે આત્મ જાગૃતિ થતાં સમકિત પ્રાપ્તિ અને તેનો ક્રમ તથા ઉત્તરોત્તર આત્મ ગુણ સ્થાનક વિકાસ, ચૌદ રાજલોક જેવા વિરાટ વિશ્વનું સ્વરૂપ, તેમાં અનંતાનંત જીવોનું સ્થાન તેના પ્રકાર અને તેમની જુદી જુદી ગતિ જાતિમાં અનંતકાળ ભવ ભ્રમણની વિચારણા, જીવ કર્મબંધ કરે છતાં તપશ્ચર્યાદિથી તેની નિર્જરા, કર્મથી મુક્તિ કેવી રીતે થાય, અને મોક્ષ પામેલા જીવો–સિધ્ધોનું અનંતજ્ઞાન જ્યોતિર્મય શાશ્વત સુખ સ્વરૂપ વિગેરે જૈનદર્શનના તત્ત્વજ્ઞાન અને કર્મ વિષયક અનેક બાબતોનું કર્મશાસ્ત્રના અભ્યાસથી જ્ઞાન થાય છે. તે કર્મશાસ્ત્રના અભ્યાસ માટે ચાર નવીન કર્મગ્રંથો, પ્રાચીન છ કર્મગ્રંથો, પંચ સંગ્રહ અને કર્મ પ્રકૃતિ જેવા ગ્રંથોનો અભ્યાસ જરૂરી છે. જૈનધર્મ અને તેના તત્ત્વજ્ઞાનને સાચા સ્વરૂપે સમજવા કર્મશાસ્ત્ર ગ્રંથોનો અભ્યાસ ઘણો જ ઉપયોગી જરૂરી છે. તે કર્મશાસ્ત્ર ચૌદ પૂર્વમાંહેના કર્મપ્રાભૃત જેવા પૂર્વમાંથી ઉદ્ધૃત કરાયેલ છે. જૈનધર્મના તે કર્મશાસ્ત્રમાં દર્શાવેલ તત્ત્વ-જ્ઞાન બીજા બધા ધર્મોના તત્ત્વજ્ઞાન કરતા શ્રેષ્ઠ અને જૈનદર્શનના સર્વજ્ઞવાદની સાબિતી રૂપ છે. બીજા કોઈ પણ ધર્મના ધર્મશાસ્ત્રોમાં આત્મા અને કર્મ વિષયક જ્ઞાન જૈનધર્મના કર્મશાસ્ત્રના એકસોમાં ભાગે પણ નથી. ચૌદ પૂર્વોના વિચ્છેદ અને તે પછી શ્રુતજ્ઞાનના ઘણા હ્રાસ છતાં જૈન કર્મશાસ્ત્ર એટલું વિસ્તાર પૂર્વક, એટલું સૂક્ષ્મ અને ગહન છે કે તે મૂળમાં તીર્થંકર જેવા સર્વજ્ઞ ભગવંતો અને તેમના ચૌદ પૂર્વધર ગણધર વિગેરે શ્રુતકેવળી ભગવંતો સિવાય બીજાઓથી તેવા કર્મશાસ્ત્રની રચના થઈ શકે નહિ. જૈનદર્શન–ધર્મ સર્વજ્ઞ પ્રણીત છે તેની સાબિતી જૈનધર્મનું કર્મ-શાસ્ત્ર પૂરી પાડે તેમ છે.

આત્મ શ્રેય સાધના માટે શ્રુતજ્ઞાનનો અભ્યાસ ઘણો જરૂરી છે. તે બાબત હાલની સ્થિતિ સુધારવા અને જેમ બને તેમ વધારે જૈન ભાઈ બ્હેનો વિશેષ ધાર્મિક અભ્યાસ કરતા થાય તે માટે જૈન સંઘના પૂ. આચાર્યાદિ વિદ્વાન સાધુ મુનિ મહારાજો, વિદુષી સાધ્વીજી મહારાજો તથા શ્રી સંઘના આગેવાન ગૃહ-સ્થોએ મળી બાળકુમાર કુમારિકાઓના ચાલુ ધાર્મિક અભ્યાસમાં સુધારણા કરવા તથા દર વરસે બીજા એકાદ હજાર યુવાન ભાઈ બ્હેનો વિશેષ પ્રકારનો અભ્યાસ કરી તેઓમાંથી સારા સંસ્કારી વિદ્વાન જૈન પંડિતો અને ધાર્મિક શિક્ષક શિક્ષિકાઓ પૂરતા પ્રમા-ણમાં મળી રહે તેમ મોટા પાયા ઉપર યોજના કરવા અને તે માટે દર વરસે દશ વીસ લાખ રૂપીઆનો ખર્ચ કરી પાંચ દસ વ્યવહારિક સાથે ખાસ ધાર્મિક અભ્યાસ કરાવતી સંસ્થાઓ જૈન ગુરૂકુળો, જૈન ધર્મ સંસ્કૃતિ સંસ્કાર વિદ્યા આશ્રમો ચલાવવાની જરૂર છે. ધાર્મિક શિક્ષકો મોટા ભાગે એવા જોઈએ કે તેઓ જીવન નિર્વાહના સાધન માટે મુખ્યત્વે બીજો ધંધો નોકરી કરતા હોય અને સવાર સાંજ કે રાત્રીના ફુરસદ વખતે માનદ્ વેતનથી પોતે જે ક્ષેત્રમાં રહેતાં હોય ત્યાં ધાર્મિક અભ્યાસ પગાર દૃષ્ટિએ નહી પણ એક ઉત્સાહ પૂર્વકની ધાર્મિક ફરજ તરીકે કરાવે. તેવા ધાર્મિક વિદ્વાન પંડિતો શિક્ષકો તૈયાર કરવા તેમના વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણનો બધો ખર્ચ તે માટેની સંસ્થાઓ ભોગવે. તેમના અભ્યાસ બાદ તેઓ સારા ધંધા નોકરીમાં ગોઠવાય તે માટે જૈન ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ તેમને મદદ પણ કરવી જોઈએ. જૈન ધર્મના ક્રિયાકાંડ અને ધાર્મિક ઉત્સવો વિગેરેમાં દર વરસે આશરે એક કરોડ રૂપીઆ ખરચાતા હશે તેમાં જાહેરાત માનપાન પ્રશંસા માટે મોટી ખરચાળ કંકોત્રીઓ અને મહોત્સવોના ખરચાળ વિધિ વિધાનો આડંબરો શણગાર પ્રચાર માટે મોટી રકમ ખરચાય છે. જરૂર વગરના તેવા ખરચા ઓછા કરી અને જ્ઞાન પ્રચાર માટે વિશેષ ખર્ચ કરી જ્ઞાન ઉપાસના સાધનાના મહાયજ્ઞમાં સૌને પોતાનો ફાળો આપવા અભ્યર્થના છે.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કંલકિની

લેખક :–મનસુખલાલ તારાચંદ મહેતા

પૃથ્વીપુરનગરમાં પુષ્કેતુ નામે રાજા હતો અને તેને પુષ્પવતી નામે રાણી હતી. તેઓને પુષ્પચૂલ નામે એક સુંદર અને સોહામણો પુત્ર હતો. બાળક બે વર્ષનો થતાં રાણીએ એક કન્યાને જન્મ આપ્યો પરન્તુ રાજાએ કન્યાના મુખનું દર્શન થતાં તે મૃત્યુ પામશે એવું જ્યોતિષીઓએ કહ્યાથી, રાજા ન જાણે તેમ એક માદળિયું બાલિકાની ડોકે બાંધી રાણીએ દાસી સાથે તે બાલિકાને નદી કાંઠે મૂકાવી દીધી. ભાગ્યના બળે શિકારેથી પાછા આવતાં પ્રધાનની દૃષ્ટિ પેલી બાલિકા પર પડી અને પોતે સંતાન વિહોણો હોવાથી તેણે બાલાને ઉપાડી લીધી. આ બાલા પ્રધાનપુત્રી તરીકે ઉછરી અને તેનું નામ પુષ્પચૂલા રાખવામાં આવ્યું.

પુષ્પચૂલ અને પુષ્પચૂલા બંને સમાન વયના હતા એટલે તેઓ વચ્ચે પ્રેમ થયો અને લગ્ન પણ થઇ ગયા. લગ્ન પછી પ્રથમ દિવસે પુષ્પચૂલા સાસુ સસરાને વંદન કરવા ગઇ અને તે જ દિવસે અચાનક પુષ્પકેતુ રાજા મૃત્યુ પામ્યો. જે ઘડીએ પુષ્પચૂલાને તેની સાસુએ જોઇ તે જ વખતે તેના મનમાં શંકાનો કીડો સળવળ્યો. પુષ્પવતી પાસે પોતાની યુવાન વયનું એક ચિત્ર હતું, તે કાઢીને જોયું તો પુષ્પચૂલા આબેહૂબ જાણે એ ચિત્રનું પ્રતિબિંબ હોય તેમ લાગ્યું. વળી લગ્નના દિવસે જ રાજા મૃત્યુ પામ્યો એટલે પુષ્પાવતીની શંકા દૃઢ થઇ. પ્રધાનને બોલાવી પુષ્પચૂલાના જન્મનો ઇતિહાસ તેણે પૂછ્યો અને તેની પાસેથી પુષ્પચૂલાના જન્મ વખતે જે માદળિયું બાંધ્યું હતું તે લઈ લીધું. પુષ્પચૂલા પોતાની જ પુત્રી છે તે વાતની ખાતરી થતાં તેના આઘાતનો કોઇ પાર ન રહ્યો, અને આઘાતનું શમન થતાં પહેલાં જ પુષ્પવતી મૃત્યુ પામી. મૃત્યુ વખતે પેલું માદળિયું પુષ્પચૂલાને આપતાં તેના જીવનનો સાચો ઇતિહાસ પણ કહી દીધો. એક જ પિતાના અને એક જ માતાની કૂખે જન્મ લીધેલાં ભાઈ અને બહેન વચ્ચે પતિ–પત્નીનો સંબંધ થયો હતો અને આ ભયંકર પાપાચારમાંથી મુક્ત થઈ જવા માટે માતાએ પુત્રીને શિખામણ આપી હતી.

કલ્પનાની ભયંકર વાતો કરતાં પણ કેટલીક વાર સત્ય હકીકત વધુ ખતરનાક હોય છે. પુષ્પચૂલાને પણ તેના જન્મની સાચી હકીકત જાણવામાં આવતાં ધરતીકંપના જેવો ભયંકર આંચકો લાગ્યો અને જીવન અકારૂં બની ગયું. કલ્પનામાં પણ ન આવે એવું ભયંકર પાપ તેનાથી થઇ ગયું હતું. પાપથી વધુ ભારે વજનવાળી કોઇ વસ્તુ આ જગતમાં હોતી નથી અને પુષ્પચૂલાને પાપના એવા ભારે બોજા સાથે જીવન જીવવું અશક્ય લાગ્યું. આપઘાત એ અપમૃત્યુ છે એમ જાણવા છતાં એક વહેલી સવારે નજીકના સરોવરમાં ડૂબીને જીવનનો અંત લાવવા તે મહેલમાંથી ચાલી નીકળી. સરોવરના કાંઠે આવી જ્યારે તેમાં પડવાની પુષ્પચૂલા તૈયારી કરી રહી હતી ત્યારે કલેથી પાછા આવતાં વયોવૃદ્ધ આચાર્ય અન્નિકાપુત્રે તેને જોઇ અને કહ્યું કે; 'બાઈ ! આત્મ હત્યા મહાપાપ છે જીવન અત્યંત કીમતી છે. એ જીવી જાણવામાં જ વીરતા છે, એનો અકાળે અંત લાવવામાં કાયરતા છે. કાયાનો અંત લાવવાથી કાંઈ આપણાં કર્મોના ફળમાંથી છટકી શકાતું નથી, એતો અન્ય ભવમાં સહન કરવાં પડે છે.'

કરુણ રીતે રડતાં રડતાં પુષ્પચૂલાએ પોતાથી થયેલા ભયંકર પાપાચારની વાત કરી કહ્યું કે : મુનિરાજ ! માત્ર મૃત્યુ જ મને શાંતિ આપી શકે, તે સિવાય મારા માટે કોઇ અન્ય માર્ગ છે જ નહીં ! આશ્વાસન અને દિલાસો આપતાં આચાર્ય ભગવંતે તેને કહ્યું : 'પુત્રી ! પશ્ચાત્તાપ રૂપી પ્રચંડ અગ્નિમાં નાશ ન પામે એવું કોઇ પણ પાપ આ સંસારમાં હોઈ શકતું નથી. કાદવમાં ઉત્પન્ન થયેલું કમળ પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જો સાફ કર્યા પછી ભગવાનના મસ્તકે મૂકી શકાતું હોય, તો પશ્ચાત્તાપ દ્વારા પાપને બાળી નાખો માનવી શા માટે નિષ્પાપ ન બની શકે ? કંચન જેમ અગ્નિ દ્વારા શુદ્ધ બને છે તેમ પશ્ચાત્તાપ રૂપી અગ્નિ દ્વારા દોષયુક્ત માનવી પણ નિર્મળ અને શુદ્ધ બની શકે છે.'

આચાર્ય ભગવંતે પુષ્પચૂલાને નવી દૃષ્ટિ આપી એટલે તેણે કહ્યું : 'ભગવંત ! મારા જેવી પાપિણીને દીક્ષા આપી આપની શિષ્યા બનાવી શકો ?'

આચાર્ય અન્નિકાપુત્ર આ વાત સાંભળતાં એકાદ પળ માટે સ્તબ્ધ બન્યા પણ બીજી જ ક્ષણે કહ્યું : 'પુત્રી ! દીક્ષા તો હુ તને આપી શકું, પણ તે પહેલાં તારાથી થયેલાં અપરાધનો જાહેરમાં એકરાર કરવો પડશે. આ માટે તારી તૈયારી હોય તો હું તને મારી શિષ્યા બનાવવા તૈયાર છું.

પાપનો જાહેરમાં એકરાર કરવાની વાત સાંભળતાં પુષ્પચૂલા કંપી ઊઠી અને બોલી : 'ભગવંત ! આવા ઘોર પાપનો એકરાર કર્યા પછી શ્રમણ સંઘમાં મને સ્થાન જ કયાંથી મળી શકે ? સમસ્ત સંઘના માનવીઓ મારા પર થૂંકશે, પથ્થરો મારશે, ફીટકાર દેશે અને મને જીવતી બાળી નાખવા પણ તત્પર થઈ જશે.'

અત્યંત શાંત અને સ્વસ્થતા પૂર્વક આચાર્ય ભગવંતે કહ્યું: 'એ તો હું પણ જાણું છું, પુત્રી ! પરન્તુ દુઃખ અને વેદના દ્વારા જ માનવી આત્માભિમુખ બની શકે. દુઃખ અને વેદનાના માર્ગે જ માનવી આત્મ ગૌરવનો અનુભવ કરી શકે છે.'

પુષ્પચૂલાને નવું જીવન પ્રાપ્ત થયું, ભૂતકાળમાં પાપ, અનાચાર અને ભયંકર દુષ્કૃત્યથી ખરડાયેલી પુષ્પચૂલાના જીવનનું રૂપાંતર થયું. તેણે પુષ્ચૂલની રજા લઈ આચાર્ય અન્નિકાપુત્રની શિષ્યા થવાનો નિશ્ચય કર્યો અને થયેલા અપરાધના જાહેર એકરારનો દિવસ પણ આવી પહોંચ્યો.

દીક્ષાના શુભ પ્રસંગે આચાર્ય અન્નિકાપુત્રના શિષ્ય સમુદાય ઉપરાંત અનેક શ્રાવકો શ્રાવિકાઓ હાજર હતા. દીક્ષાની ક્રિયા શરૂ કરતાં પહેલાં આચાર્ય અન્નિકાપુત્રે પુષ્પચૂલાને તેના જીવનમાં થયેલા પાપાચારની વાતનો જાહેર એકરાર કરવાની આજ્ઞા કરી. જમીન પર સ્થિર દૃષ્ટિ કરી અત્યંત ભારે હૃદયે જે પાપાચારનું કૃત્ય તેનાથી થઈ ગયું હતું, તે માનવ સમુદાય સમક્ષ તેણે વર્ણવી બતાવ્યું અને જ્વાલામુખીમાંથી જેમ લાવારસ ચારે બાજુ ફેલાતાં ચિચિયારી ફાટી નીકળે તેમ માનવ મેદનીમાંથી જાતજાતના આકરા પ્રહારો થવા લાગ્યા.

લોકમાનસ ભારે વિચિત્ર છે. જેને તે પહાડની ટોચ પર ચઢાવે તેને જ ઊંડામાં ઊંડી ખાઈમાં ધકેલી દે છે. પુષ્પચૂલા અને તેને દીક્ષા આપવા તૈયાર થયેલા અન્નિકાપુત્ર આચાર્ય વિરૂદ્ધ કાનમાં કીડા પડે એવા શબ્દોમાં આકરા પ્રહારો શરૂ થયા.

ચારે તરફથી અવાજો સંભળાવા લાગ્યાઃ 'આવી કલંકિની સ્ત્રી સાત ભવમાં પણ દીક્ષાને લાયક ન બની શકે'. 'જે સ્ત્રીએ પોતાના સહોદર સાથે ભોગ વ્યવહાર આચર્યો, તે સ્ત્રી જીવવાને લાયક જ રહેતી નથી.' 'આવી કુલટા, પિશાચિણી, અધમ સ્ત્રીના પડછાયામાં આવવું એ પણ મહા પાપ છે.' 'આવી હલકટ સ્ત્રી પાણીમાં ડૂબી મરવાને બદલે શું જોઈને અમારી સમક્ષ તેના પાપાચારની વાત કરવા ઉભી થઈ છે ?' 'અન્નિકાપુત્ર આચાર્ય જો આ સ્ત્રીને દીક્ષા આપવાનો આગ્રહ રાખે તો સાધુ તરીકેના તેના વસ્ત્રો અને પાતરાં પાછા લઈ તેને પદભ્રષ્ટ કરો.' 'આવી અધમ સ્ત્રીને દીક્ષા આપવાનો જેણે વિચાર કર્યો, તેણે સકળ સંઘ પાસે પ્રાયશ્ચિત માગવું જોઈએ.'

આચાર્ય મહારાજે લોકમાનસ જોઈ લીધું પણ જ્યારે તેના સમગ્ર શિષ્ય સમુદાયનો પણ એવો જ મત જાણ્યો ત્યારે તેના મનને સખત આઘાત લાગ્યો: આચાર્ય અન્નિકાપુત્ર ઉભા થયા અને સમસ્ત મેદનીને સંબોધી કહ્યું: 'મહાનુભાવો ! દેહને જકડનારી લોખંડની સાંકળો કરતાં અજ્ઞાનતાની સાંકળો વધુ ભયંકર હોય છે. સર્વોત્તમ માનવનું ઘડતર તેમના દોષ વડે–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂલો વડે જ થાય છે, એ વાત ન ભૂલવી જોઇએ. પુષ્પચૂલા તો પાણીમાં ડૂબી મરવા ગયેલી જ હતી, પણ મેં જ તેને તે માર્ગેથી પાછી વાળી, કારણકે તે માર્ગ ખોટો છે. તિરસ્કાર અને નફરત પાપ પ્રત્યે ભલે હોય, પણ પાપી પ્રત્યે તો અનુકંપા અને દયાની લાગણી જ હોવા ઘટે. આનાથી અનેકગણી પાપિણી વ્યક્તિ પણ પશ્ચાત્તાપના માર્ગે વિશુદ્ધ બની શકે છે એ સત્ય તમારે સમજી લેવું જોઇએ. सच्चं लोगम्मि सारभूयं વિશ્વમાં સત્યનું આચરણ એજ સારભૂત છે, એટલે હું આ સ્ત્રીને દીક્ષા આપી તેને મારી શિષ્યા બનાવીશ.'

આચાર્યશ્રીનું આવું કથન સાંભળતાં ચારે તરફથી તેમના પ્રત્યે ધિક્કાર વરસી રહ્યો, પણ તેની જરાયે દરકાર ન કરતાં તેણે પુષ્પચૂલાને દીક્ષા આપી પોતાની શિષ્યા બનાવી. સંઘ સમુદાયે આચાશ્રીનો બહિષ્કાર કર્યો અને તેનો સમગ્ર શિષ્ય પરિવાર પણ તેમને વૃદ્ધાવસ્થામાં એકલા મૂકી ચાલી નીકળ્યો. લોકોના આવા પાપકૃત્યને કુદરત પણ સહન ન કરી શકી અને એ વરસે ભારે વરસાદ પડવાથી એ શહેરનો વિનાશ થયો. લોકોનો મોટો ભાગ નગર છોડી ચાલી ગયો. અન્નિકાપુત્ર આચાર્ય તો વૃદ્ધ હતા એટલે વિહાર કરી શકે તેમ ન હતું. તેઓ તેની શિષ્યા પુષ્પચૂલા સાથે ત્યાં જ રહ્યા. પુષ્પચૂલા સાધ્વી પોતાના વૃદ્ધ ગુરુદેવની અપૂર્વ વૈયાવચ્ચ કરતા હતા.

થોડા સમય બાદ એક વખત પુષ્પચૂલા સાધ્વી વરસતા વરસાદમાં ગોચરી લઇને આવ્યા ત્યારે આચાર્ય ભગવંતે તેને કહ્યું: 'ધર્મશાસ્ત્રો ભણી ગઇ હોવા છતાં આવા વરસાદમાં ગોચરી કેમ લઈ આવી ?'

સાધ્વીએ જવાબ આપતાં કહ્યું: 'કોઇ પણ જીવની હિંસા ન થાય એ રીતે ચાલીને હું આહાર લાવી છું, તેથી તે શુદ્ધ છે.'

સાધ્વીજીની વાત સાંભળી ગુરુદેવ આશ્ચર્યચકિત થયા અને પૂછ્યું : 'અચિત પ્રદેશની જાણ તમને કઇ રીતે થઇ શકે? કોઇ કેવળજ્ઞાની તમારી જેમ વાત કરે તે તો સમજી શકાય, પણ તમારી જેવા આમ વાત કરે તેનો અર્થ શું ?'

'ગુરુદેવ !' પુષ્પચૂલા સાધ્વીએ પરમજ્ઞાનીને છાજે એવા ગૌરવભર્યા અવાજે ગંભીર શબ્દોમાં કહ્યું : 'આપની કૃપાવડે એ અપૂર્વજ્ઞાન મને પ્રાપ્ત થયું છે.'

સાધ્વીજીની વાત સાંભળી અન્નિકાપુત્ર આચાર્ય ગદ્દગદિત થઇ ગયા અને અત્યંત વિનયપૂર્વક કહ્યું : 'અહો ! મેં કેવળીની આશાતના કરી ! મારું એ દુષ્કૃત્ય મિથ્યા થાઓ ! સાધ્વીજી ! હવે મને કહેશો કે મારાં ઘાતી કર્મોનો ક્યારે નાશ થશે ?'

સાધ્વીજીએ જવાબ આપતાં કહ્યું : 'જે નદી આપણી સામે વહી રહી છે, તે પાર કરતી વખતે આપને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થશે.'

અને તેમજ બન્યું.

ચતુર્વિધ સંઘથી બહિષ્કૃત થયેલાં એ મહાન આચાર્ય અને પરમ સાધ્વી નિર્વાણપદ પામ્યાં, એટલું જ નહિ પણ વર્તમાનકાળે આપણા માટે તેઓ બંને નિરંતર સ્મરણીય રૂપ બની ગયા. પ્રાતઃકાળે પ્રતિક્રમણ કરતાં ભરહેસરની સજ્ઝાય બોલતી વખતે આ બંને મહાન આત્માઓને યાદ કરી આપણે તેમને વંદન કરીએ છીએ,

જગત અને સંસારની એક મહાન કરુણતા અને વ્યથા તો એ બાબતમાં રહેલી છે કે જગતના મોટા-ભાગના માનવો તેના સમયના મહાન આત્માઓને સમજી અને ઓળખી શકતાં નથી. કદાચ તેથી જ, આ જગતમાં જેઓ ખરેખરા મહાન અને સમર્થ હતા તેઓને ફાંસીના માંચડે ચડીને, ઝેર પી જઇને તેમજ ગોળીથી વિંધાઇને મરવું પડ્યું છે. માનવ જગત વિષે કોઇએ સાચું જ કહ્યું છે કે 'સત્ય સદા ફાંસીને માંચડે અને અસત્ય સિંહાસને.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્ય હેમચન્દ્ર : ઇતિહાસકાર

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા

આચાર્ય હેમચન્દ્ર એ સમસ્ત ભારતના એક મહત્તમ સાહિત્યાચાર્ય છે, અને ગુજરાતના તો તેઓ ઐતિહાસિક દૃષ્ટિએ સર્વપ્રથમ એવા વાચસ્પતિ અને મહાન સાંસ્કારિક જ્યોતિર્ધર છે. જ્ઞાનની બહુવિધ શાખાઓ ઉપર એ વિદ્યાચાર્યે શાસ્ત્રીય અને વિશદ ગ્રન્થો રચ્યા છે, જેમનો ગુજરાતમાં અને ભારતમાં સેંકડો વર્ષો સુધી પાઠ્ય ગ્રન્થો તરીકે ઉપયોગ થયો છે અને હજી પણ થાય છે. સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી રચાયેલ સિદ્ધહૈમ વ્યાકરણ' ઉપરાંત 'લિંગાનુશાસન' અને 'ધાતુપારાયણ' જેવા તેના આનુષંગિક ગ્રન્થો; 'અભિધાનચિંતામણિ,' 'અનેકાર્થસંગ્રહ,' 'નિઘંટુકોશ' અને દેશીનામમાલા' જેવા વિવિધ પ્રકારના શબ્દકોશો; 'કાવ્યાનુશાસન' જેવો અલંકાર ગ્રન્થ; 'છન્દોઽનુશાસન' જેવું સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત અને અપભ્રંશછંદોનું છંદઃશાસ્ત્ર; 'પ્રમાણમીમાંસા' અને 'યોગશાસ્ત્ર' જેવા ન્યાય અને યોગના પ્રમાણભૂત ગ્રન્થો; 'દ્વયાશ્રય' જેવાં ઇતિહાસ કાવ્યો; 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' અને 'પરિશિષ્ટપર્વ' જેવાં કવિત્વમય ચરિત્રો; 'મહાદેવસ્તોત્ર' અને 'વીતરાગસ્તોત્ર' જેવાં ભક્તિમય આર્દ્ર સ્તુતિકાવ્યો—ઇત્યાદિ આચાર્ય હેમચન્દ્રની રચનાઓ. સમકાલીનોએ તેમને અર્પેલું 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ તથા અર્વાચીનોમાં ડૉ. પિટર્સને આશ્ચર્યની ઊભરાતી લાગણીઓ સાથે આપેલું Ocean of Knowledge'– જ્ઞાનનો સાગર' એ વિશેષણ સાર્થક ઠરાવે છે.

વિદ્યાની અનેક શાખાઓમાં આમ હેમચન્દ્રનું આગવું પ્રદાન છે, પણ ગુજરાતના આદ્ય ઇતિહાસકાર તરીકે તેમનું સ્થાન અજોડ છે. જૈન તીર્થંકરો, ચક્રવર્તીઓ આદિનાં ચરિત્રો આલેખતા એમના મહાકાય ગ્રન્થ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ના અંતિમ ખંડ 'મહાવીરચરિત'માં ભવિષ્યવાણીરૂપે રાજા કુમારપાલનું સંક્ષિપ્ત ચરિત આવે છે. મહાભારતનું ખિલ અથવા પરિશિષ્ટ જેમ હરિવંશ', તેમ 'ત્રિષષ્ટિ'નું પરિશિષ્ટ તે 'સ્થવિરાવલિચરિત્ર', જે 'પરિશિષ્ટપર્વ' તરીકે પણ ઓળખાય છે. એમાં છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામીની પછી થયેલા અનેક ઐતિહાસિક પુરુષોનાં પરંપરાગત ચરિત્રો છે. પરન્તુ આ રચનાઓની ઘાટી પૌરાણિક છે. સાચા અર્થમાં ઇતિહાસકાર હેમચન્દ્ર આપણને 'દ્વયાશ્રય' મહાકાવ્યમાં દેખાય છે.

'દ્વયાશ્રય' મહાકાવ્યની રચના 'સિદ્ધહૈમ'નાં વ્યાકરણસૂત્રોનો ભાષામાં કેવી રીતે વિનિયોગ થાય છે એ બતાવવા માટે તેમણે કરી છે, પણ એમાં ઇતિવૃત મૂળરાજથી શરૂ થતા ગુજરાતના સોલંકી રાજવંશનું છે. આમ વ્યાકરણ અને ઇતિહાસ એમ બે આશ્રય લઈને થયેલી રચના હોવાથી તે 'દ્વિ આશ્રય' 'દ્વયાશ્રય' કહેવાય છે. મહાકાવ્યલક્ષણ અને શબ્દલક્ષણ એ બે બાબતો એક સાથે ગ્રથિત થઈ હોવાથી તેનું 'દ્વયાશ્રય' નામ થયું એમ પણ કોઈ કહે છે. પાણિનિનાં વ્યાકરણસૂત્રોનો રામાયણકથામાં વિનિયોગ નિરૂપતું વલભીપુરના પૂર્વકાલીન કવિ ભટ્ટિનું 'રાવણવધ' બરાબર આ અર્થમાં વ્યાકરણકાવ્ય છે. આવાં બીજાં વ્યાકરણકાવ્યો પણ સંસ્કૃત સાહિત્યમાં છે, પરન્તુ એમાં એક મોટા સમકાલીન રાજવંશનો ઇતિહાસ ગૂંથનાર માત્ર હેમચન્દ્ર છે. 'સિદ્ધહૈમ'નાં સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણનાં સૂત્રોને અનુલક્ષીને 'દ્વયાશ્રય' કાવ્ય બે છે: સંસ્કૃત 'દ્વયાશ્રય'માં પાટણના સોલંકી વંશના મૂળરાજ, ચામુંડ, વલ્લભરાજ, દુર્લભરાજ, ભીમદેવ, કર્ણ અને સિદ્ધરાજ એ રાજાઓનો અને કેટલોક કુમારપાલનો વૃત્તાન્ત આવે છે. પ્રાકૃત 'દ્વયાશ્રય', જેનું બીજું નામ 'કુમારપાલચરિત' છે, તે કુમારપાલના જીવન વિષે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાચીન ભારતીય સાહિત્યમાં ઐતિહાસિક રચનાઓ સામાન્ય રીતે માનવામાં આવે છે એટલી વિરલ નથી. બાણભટ્ટનું 'હર્ષચરિત' કનોજના ચક્રવર્તી હર્ષનું ચરિત્ર આલેખે છે, વાક્પતિરાજનું પ્રાકૃત મહાકાવ્ય 'ગૌડવધ' કનોજના રાજા યશોવર્માનો ગૌડવિજય વર્ણવે છે; કવિ પદ્મગુપ્ત અથવા પરિમલનું 'નવસાહસાંકચરિત' ધારાનગરીના પરમાર સિન્ધુરાજનાં પરાક્રમ વર્ણવે છે; કાશ્મીરી કવિ બિહ્લણનું 'વિક્રમાંકદેવચરિત' કર્ણાટકના તત્કાલીન રાજા વિક્રમાદિત્યનું ચરિત્ર આપે છે; જયાનકનું 'પૃથ્વીરાજવિજય' મુખ્યત્વે પૃથ્વીરાજ ચૌહાણના જીવન વિષે છે; નયચન્દ્રસૂરિનું 'હમ્મીરમહાકાવ્ય' રણથંભોરના હમ્મીરની ટેક અને વીરતા વર્ણવે છે; અને ગંગાધરનું 'મંડલીકકાવ્ય' જૂનાગઢના રાજા મંડલીકનું ચરિત્ર આલેખે છે. ઐતિહાસિક વ્યક્તિ વિશેષોના જીવન પરત્વે બીજી પણ પ્રાચીન રચનાઓ છે. પરંતુ હેમચન્દ્રનું 'દ્વયાશ્રય' કાવ્ય તો મૂળરાજ સોલંકીથી માંડી કુમારપાલ સુધીના લગભગ સવા બસો વર્ષનો ગુજરાતનો સળંગ અને સિલસિલાબંધ ઇતિહાસ વર્ણવે છે એની સાથે સરખાવી શકાય એવી માત્ર એક કૃતિ ભારતીય સાહિત્યમાં છે, અને તે કહ્લણે લખેલું કાશ્મીરનું ઇતિહાસકાવ્ય 'રાજતરંગિણી.' પણ 'રાજતરંગિણી'ની રચના 'દ્વયાશ્રય'ની પછી થયેલી છે એ ધ્યાનમાં રાખવા જેવુ છે.

ચૌલુક્ય રાજવંશનો ઇતિહાસ આલેખવાની હેમચન્દ્રની પ્રતિજ્ઞા 'દ્વયાશ્રય' કાવ્યના મંગલાચરણમાં જ સ્પષ્ટ થાય છે—

**भीमकान्तोद्धतोदात्तहिंस्रशान्तगुणात्मने ।**
**भद्रं चौलुक्यवंशाय क्लृप्तस्याद्वादसिद्धये ॥**

ભીમ છતાં કાન્ત, ઉદ્ધત છતાં ઉદાત્ત, હિંસક છતાં શાન્ત ગુણાત્મક હોઈ સ્યાદ્વાદને સિદ્ધ કરી બતાવનાર ચૌલક્ય વંશનું ભદ્ર થાઓ !

**लोकान् शालातुरीयादेः शब्दसिद्धिरिवानघा ।**
**चौलुक्यवंशाज्जयति नयधर्मव्यवस्थितिः ॥**

પાણિનિ આદિનાં વ્યાકરણોથી જેમ નિર્દોષ શબ્દસિદ્ધિ થાય છે તેમ ચૌલુક્ય વંશથી ન્યાય અને ધર્મની વ્યવસ્થા જય પામે છે !

ચૌલુક્ય વંશ માટે, ગુજરાત માટે અને ગુજરાતના પાટનગર અણહિલવાડ પાટણ માટે આચાર્ય હેમચન્દ્રને ઊંડો પ્રેમ છે. આથી દ્વયાશ્રય' કાવ્ય માત્ર રાજવંશાવલિ આપતું નથી, પણ ચૌલુક્યયુગીન ગુજરાતનું જીવન પણ એવા જ પ્રેમ અને સમભાવથી વર્ણવે છે. 'દ્વયાશ્રય'માં નિરૂપિત ગુજરાતના રાજકીય અને સામાજિક ઇતિહાસનો ઉપયોગ અર્વાચીન ગુજરાતના પહેલા ઇતિહાસકાર ફાર્બસ સાહેબે પોતાની રાસમાળા'માં કર્યો હતો, અને ત્યારપછી ગુજરાતના ઇતિહાસના આધારભૂત મૂલગ્રન્થ તરીકે એનો સર્વત્ર સ્વીકાર અને ઉપયોગ થયો છે. સંસ્કૃત 'દ્વયાશ્રય'નુ ગુજરાતી ભાષાન્તર (મૂલ છપાયું ત્યાર પહેલાં) સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કર્યું હતું. દ્વયાશ્રય'ને આધારે મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિનુ સમગ્રદર્શી નિરૂપણ સદ્દગત રામલાલ ચુનીલાલ મોદીએ કર્યું છે.

'દ્વયાશ્રય'નું લેખન સંસ્કૃત સાહિત્યશાસ્ત્રને અભિમત મહાકાવ્યના સ્વરૂપને અનુસરીને થયું હોવાથી ચૌલુક્ય વંશના બધા ઐતિહાસિક પ્રસંગો તેમાં લેવાયા નથી તથા જે રાજાના આશ્રયે કાવ્ય રચાયું છે તેના ચિત્તને અપ્રસન્ન કરે એવા પ્રસંગોનો લેખકે સ્પર્શ કર્યો નથી, પરન્તુ દ્વયાશ્રય'માં સંઘરાયેલી તમામ હકીકતો પૂરતા અભ્યાસ, તુલના અને સંશોધનપૂર્વક સંકલિત થયેલી છે એ નિશ્ચિત છે. વિગતોમાં ઊતરવાનું આ સ્થાન નથી પરંતુ એક સામાન્ય વિધાન તરીકે કહેવું જોઇએ કે 'દ્વયાશ્રય' કાવ્યમાં આચાર્ય હેમચન્દ્રે બે શતાબ્દી કરતાયે લાંબા સમયપટ પર વિસ્તરેલા ગુજરાતના ગૌરવપૂર્ણ ઇતિહાસનું વિવેક અને તુલનાપૂર્વક નિરૂપણ કર્યું છે, પૂરતા પુરાવા વિનાની વાતો છોડી દીધી છે, કિંવદન્તીને યોગ્ય સંશોધન વિના સ્વીકારી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બોધવાર્તા સાહિત્ય--શીલધર્મની કથાઓ

મુ. મ. ભટ્ટ.

જગતના બધા મોટા ધર્મોમાં, તે ધર્મનાં અંગભુત બનેલી વાર્તાઓ આપવામાં આવેલી છે. આ વાર્તાઓ ક્વચિત ઇતિહાસરૂપ હોય તો ક્વચિત દૃષ્ટાંત રૂપ હોય તેવી કથાઓ ધર્મન ગૂઢ કે ગહન તત્ત્વોને સમજવા સમજાવવામાં મદદરૂપ થાય છે. બૌદ્ધધર્મમાં જાતક કથાઓ આપેલી છે તે તે ધર્મના અષ્ટાંગ માર્ગને તથા "પારમિતા" ને સમજવા માટે બુદ્ધના પૂર્વજન્મના ઇતિહાસરૂપે અપાઇ છે. ખ્રીસ્તી ધર્મના પાયામાં દશ આજ્ઞાઓ પડેલી છે તે સમજાવવા માટે તેને અંગેની બોધકથાઓ આપવામાં આવી છે. ઇસ્લામ ધર્મમાં અલ્લાહનાં નવ્વાણું નામોને સાર્થક કરતી કથાઓ છે. વૈદિક ધર્મમાં પુરાણોની અને ઉપનિષદની આખ્યાયિકાઓ છે. આ કથાઓમાં ઇતિહાસ ગણો તો કથા લાગે, અને કથા ગણો તો ઇતિહાસ લાગે તેવી મિશ્ર રચનાઓ પણ છે. તેવી જ રીતે શૈવ સંપ્રદાયમાં, વૈષ્ણવ સંપ્રદાયમાં અને છેલ્લે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ આવી ધર્મ કથાઓ છે. ક્વચિત એકની એક કથા એકથી વધારે ગ્રથમાં પણ મળી આવે છે અને જ્યારે માણસજાતે વિજ્ઞાનને ધર્મના જેટલું ગૌરવ આપ્યું ત્યારે આપણને વિજ્ઞાનની કથાઓ મળી છે.

આ કથાઓનું લક્ષ્ય ધર્મનાં કોઈ અંગ કે અંશને વધારે સ્ફુટ કરવાનો હોવાથી તેવી રચનાઓ હેતુલક્ષી અથવા પ્રચારલક્ષી બને છે. પણ માત્ર તેવાં જ બાહ્ય કારણસર તેનું મૂલ્ય ઓછું ગણવું એ ભૂલભરેલું છે. આવાં કથાનકોમાંનાં ઘણાં કલાના પણ કડક નિયમોને સંતોષે એવા ઉત્તમ પ્રકારનાં છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે 'કથા ઓ કાહિની'માં આવા કેટલાક પ્રસંગોને ગૂંથીને તેના કલાત્મક અંશોને બહાર આણ્યા છે અને તેમ કરીને સાબિત કર્યું છે કે એ સર્વ ધાર્મિક કથાઓ હોવાનાં જ કારણે તેનું સત્યદર્શન ઓછું મૂલ્યવાન બનતું નથી.

બેશક પ્રચારલક્ષી સાહિત્ય, શુદ્ધ સાહિત્યથી નીચે છે એ સત્યનો જરાપણ પ્રતિકાર કર્યા વિના એટલું કહી શકાય કે સૂક્ષ્મ પૃથક્કરણમાં હેતુલક્ષી અને પ્રચારલક્ષી સાહિત્ય જુદાં પડી જાય છે. પરંતુ જે ભેદ છે તે એ છે કે આવાં કથાનકો કુશળ વિધાયકના હાથે સર્જનના ઉત્તમ નમૂના બની શકે છે. ચિત્ર અને સંગીતમાં આનાં પુષ્કળ દૃષ્ટાંતો મળી આવે છે.

આજના જાહેરખબરોના જમાનામાં પ્રચાર શબ્દની વ્યાપ્તિ વધી ગઇ છે. ધર્મના શ્રેષ્ઠ અંશો બહાર લાવવા, લોકોને સમજાવવા ખાતર, જે કાંઇ કવિતા, ભજન, કીર્તન, પદ, શીલ્પ, સ્થાપત્ય, ચિત્ર કે સંગીતની રચના નથી અને કોઇ કલ્પિત પ્રસંગને ઐતિહાસિક તરીકે ઊભો કર્યો નથી.

આચાર્ય હેમચન્દ્રની વિદ્યાસેવા અનેકવિધ અને તેજસ્વી છે, પણ તેમની ઇતિહાસસેવા અપૂર્વ છે 'દ્વયાશ્રય' કાવ્ય એ ગુજરાતના આદ્ય ઇતિહાસકાર કલિકાલસર્વજ્ઞ'નો પ્રસાદ છે. નાટ્યશાસ્ત્રનો પ્રમાણભૂત ગ્રંથ 'નાટ્યદર્પણ' રચનાર તેમના બે વિદ્વાન શિષ્યો રામચન્દ્ર અને ગુણચન્દ્રના શબ્દમાં હુ કહીશ કે—

शब्द-प्रमाण साहित्य च्छन्दो लक्ष्मविधायिनाम्।
श्रीहेमचन्द्रपादानां प्रसादाय नमो नमः ॥*

* કાર્તિક પૂર્ણિમા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીની જન્મજયંતિ છે. તેને અનુલક્ષીને સં. ૨૦૧૭ ની કાર્તિક પૂર્ણિમાના રોજ આકાશવાણી પર પ્રસારિત થયેલો વાર્તાલાપ અહીં આપવામાં આવેલ છે. આકાશવાણીના સૌજન્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવામાં આવે તેનો હેતુ જો અમુક વિચાર કે વર્તનને સ્પષ્ટ કરવાનો હોય તો માત્ર તેટલાં જ કારણસર તે સર્વને કોઈ વેપારી સારાં ટુથપેસ્ટ કે સાબુ કે હેર-ઓઇલની જાહેર ખબરની કોટિમાં મૂકી દેવાનું વાજબી લેખાશે નહીં.

હકીકત તો એ છે કે શાળાની બહાર જેઓ સંસ્કારિક કે શૈક્ષણિક પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે તેઓ પોતાના વિષયને શ્રોતા સમક્ષ સરલ અને રસમય રીતે રજૂ કરે તે તેમની શિક્ષણ કલાની હિકમત છે. તેથી જો હેતુ પાર પડતો હોય તો તે હિકમત સફળ છે-સાર્થક છે. અર્વાચીન યુગમાં ધૂમકેતુએ તેમજ જયભિખ્ખુએ ધર્મ કથાઓ લખી છે, બોધવાર્તાઓ આપી છે તેથી તે શુદ્ધ સાહિત્યનું સર્જન નથી તેમ કહી શકાય નહીં. બોધ કથાઓનું સર્જન સ્વયંભૂ, કે સ્વાભાવિક ન હોય, અથવા તે સ્વભાવજન્ય સિસૃક્ષાની પેદાશ ન હોય તો તે શુદ્ધ કે કલામય સાહિત્યની કોટિમાં આવે કે ન આવે તો પણ તેની ગુણવત્તા ઓછી થતી નથી.

વિલાયતના એક પ્રખ્યાત ચિત્રકારે, પરપોટાનું ચિત્ર કર્યું. તેમાં એક ખૂબસૂરત બાલક મોમાં ભૂંગળી રાખી સાબુના પાણીના પરપોટા ઉડાડવાનો આનંદ લેતો હતો. તેમાં પરપોટા અને તેમાં પરાવર્ત થતા પ્રકાશના વિવિધ રંગો ખૂબ હૂબહૂ હતા. તે વખતે ત્યાં પીઅર્સનો સાબુ પ્રખ્યાત થતો આવતો હતો તે કંપનીએ ઉક્ત ચિત્ર ખરીદ કરી લીધું અને ચિત્રને એક ખૂણે પિયર્સનાં નામ સાથેની ગોટી ઉમેરાવી. આ ઉમેરા કે વધારા વિશે આજે પણ ચિત્ર વિવેચકો એકમત નથી. પણ ચિત્રના ગુણધર્મમાં મોટો તફાવત પડી ગયો. જે ચિત્ર સ્વયંભૂ હતું કલાકૃતિ હતી તે જાહેરાત બની તેટલે અંશે તે કૃતિ નીચે આવી છતાં તેના રસાનુભવ બદલાયો નહીં. દુરારાધ્ય રસેન્દ્રિયને માત્ર અકૃત્રિમ પ્રકૃતિની સાથે પિયર્સની ગોટી અસ્થાને લાગી. પણ પિયર્સ સાબુના પ્રચાર માટે તે પગલું અત્યંત સફલ નીવડયું. આ ચિત્રની ઉપરના કારણે જે ટીકા થઇ તે અનેક ધાર્મિક ચિત્રોને પણ લાગુ પડે. છતાં તે સર્વ નિર્વાહ્ય છે કેમકે ધર્મ કલાથી ઉપર છે.

આ સર્વ વિચારો, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ લખેલ "શીલધર્મની કથાઓ" ઉપરથી ઉપજ્યા છે ઘણાં વરસો અગાઉ મનુભાઇ જોધાણી રચિત સુંદરીઓનો શણગાર નામે પુસ્તકમાં લીલો સાંકો નામે એક કથા મારા વાંચવામાં આવી હતી. તે જ કથા પછીથી જયભિખ્ખુના એક પુસ્તકમાં પણ મેં વાંચી. બન્નેનું લક્ષ્ય વાર્તારસનું છે પણ બન્ને વખત વાંચતાં મને લાગેલું કે એ કથા મૂળમાં જે રીતે લખાઇ હોય તે રીતે પણ જોવાવી જોઇએ. કેમકે એ એક તર્ક શાસ્ત્રનો સામાન્ય નિયમ છે કે સિદ્ધાંતને પુરવાર કરવા દૃષ્ટાંત અપાય છે અને અનેક સમાન દૃષ્ટાંતો ઉપરથી સિદ્ધાંત ઘડાય છે. તેવી જ રીતે ધર્મનાં સૂત્રો સ્પષ્ટ કરવા દૃષ્ટાંતો યોજાય છે અને તેને ધર્મનું અંગ ગણવામાં આવેલ છે.

જૈન ધર્મના ચાર અનુયોગો પૈકી એક અનુયોગ તે ધર્મકથાનુયોગ છે. કથાને બીજા ધર્મોએ પણ મહત્ત્વ આપેલું છે, તેટલા ઉપરથી જ ધર્મકથાનુયોગને જે પ્રાધાન્ય આપવામા આવેલું છે ને યોગ્ય છે એટલું સમજાઈ જાય છે. વિચારો વાચકોને કે શ્રોતાઓને સહેલથી સમજાય તે કેટલો મોટો લાભ છે તે વાત આટલાં આટલાં પુસ્તકો લખાતાં હોવા છતાં લોકોને તેની પ્રતીતિ નથી એ વિચિત્ર છે, પ્રાક્કથનમાં પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીજીને એટલા માટેજ લખવું પડયું છે કે "દ્રવ્યાનુયોગ વિષયક અથવા અન્ય અનુયોગ વિષયક કોઇ પણ તાત્ત્વિક બાબતનું ગમે તેવું વિશદ અને વિસ્તૃત વિવેચન કરવામાં આવે પણ જ્યાં સુધી તેને લગતું દૃષ્ટાંત આપવામાં ન આવે ત્યાં સુધી એ તાત્ત્વિક બાબતો, જેટલા પ્રમાણમાં આપણને સમજમાં આવવી જોઇએ તેટલા પ્રમાણમાં સ્પષ્ટરીતે સમજમાં નથી આવતી એ આપણી અનુભવસિદ્ધ બાબત છે" અને આગળ ચાલતાં તેઓએ 'જીવન-ઘડતરમાં ધર્મકથાનુયોગ એ દીવાદાંડી છે એમ પણ કહ્યું છે. આ સંસાર એક સાગર છે. તેમાં દરેક વ્યક્તિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાની જીવન નૌકા ઝુકાવે છે. કેટલીક વખતે તે નાવ ક્યાં લઈ જવાનું છે તે જાણવામાં હોય છે જ્યારે બાકીની વાર તે જાણવામાં હોતું નથી તેવા પ્રસંગે એ નાવ ખરાબા સાથે અથડાય નહીં દિશાભૂલ કરે નહીં તેવી દીવાદાંડી તે ધર્મદેશના છે. જ્યારે જ્યારે માણસના જીવન સમક્ષ અમુક કાર્ય કરું કે ના કરું એવો મુઝવનારો પ્રશ્ન ઊભો થાય છે અને સાથો સાથ સાચો માર્ગ લેવાની તત્પરતા હોય છે ત્યારે તે કથા આખ્યાન, ઇત્યાદિના શ્રવણ દ્વારા કે વાચન દ્વારા માર્ગ શોધે છે અને ઘણું ખરું તેને તે મળી જાય છે ભારતીય સભ્યતાની તેની આધ્યાત્મિક સંસ્કૃતિની એ વિશેષતા છે કે ન્હાનામાં ન્હાનાં ગામડા સુધી આ સંદેશ પહોંચાડનારા સેવકો તેને મળી જ રહ્યા છે અને મળતા રહે તેવા સભાન પ્રયત્નો થઈ રહ્યા છે. તેમાં જૈન યતિ–મુનિઓનો ફાળો નોંધપાત્ર વ્યવસ્થિત અને અસ્ખલિત રહ્યો છે.

"શીલધર્મની કથાઓ"માં શીલ શબ્દ આવે છે એ શીલને વ્રત પણ કહેવાય છે એ વ્રતોનું આચરણ સરલ બને તેટલા માટે સામાયિક અને પ્રતિક્રમણના આચારો યોજવામાં આવેલા છે. સામાયિક સમતા કેળવવા માટે છે અને પ્રતિક્રમણ અશુભમથી શુભ તરફ જવા માટે છે. માણસના પ્રકૃતિમાં રહેલ કામ ક્રોધાદિક વૃત્તિઓ કે આવેગોને સંયમના બળથી અંકુશમાં રાખવાનાં હોય છે. આ વૃત્તિઓ વિકૃતિ નથી પણ તેનો અતિરેક વિકૃતિ છે એ અંકુશ પ્રાપ્ત કરવાનું એક સાધન તે પ્રતિક્રમણ છે. જૈન ધર્મમાં જેને ત્રિરત્ન કહ્યાં છે તે દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય છે. માણસ જે કાંઈ અવલોકન પૂર્વક જુવે છે તે તેનું દર્શન બને છે. તે ઉપરથી તેને જે માહિતી કે સત્ય પ્રાપ્ત થાય છે તે તેનું જ્ઞાન બને છે અને તે પ્રમાણે આચરણ કરે તે તેનું ચારિત્ર્ય બને છે. તે ચારિત્ર્યમાં, બધા ધર્મોની માફક, જૈન ધર્મમાં પાંચ વ્રત મુખ્ય છે. અહિંસાદિ પાંચ વ્રતના સિદ્ધાંતો પૂરતા જૈન અને બૌદ્ધ મતો લગભગ સમાન છે તેથી જ પ્રસ્તુત પુસ્તકમાં આપેલ 'તપ અને શીલ' તથા 'સ્ત્રી અને પુરુષ' એ કથાઓ બૌદ્ધધર્મમાંથી લેવામાં આવી છે.

આ પુસ્તકમાં કુલ છવ્વીશ કથાઓ આલેખવામાં આવી છે. તે સર્વનો મુખ્ય હેતુ વાચકને જીવનઘડતરમાં દોરવણી આપવાનો છે. આત્માની સુગતિ સાધવા માટેનું તપ આવશ્યક છે અને તપ માટે મનની સ્થિરતા જરૂરી છે. તેનું દૃષ્ટાંત પહેલી કથા 'ધન્ય મુનિરાજ!' છે માનવીમાત્રના લોહીમાં શીલ અને ધર્મનાં બીજ રહેલાં છે; માત્ર પુરુષાર્થ દ્વારા માનવે સતત સચિંત રહી તેના વિકાસ પ્રત્યે જાગ્રત રહેવું જોઈએ તે માટેનું દૃષ્ટાંત છેલ્લી કથા 'શીલ અને ધર્મ' પુરૂં પાડે છે. પાપનો ઉદ્ભવ પ્રલોભનમાંથી થાય અને પ્રલોભનની ઉત્પત્તિ મોહમાંથી થાય છે તે સત્યની પ્રતીતિ માટે 'પાપનો બાપ' ના કથા છે. 'તપ અને શીલ' માં સુજાતાની કથા તપ અને કર્મના સિદ્ધાંતોની સમજ માટે મનનીય છે. ટૂંકાંમાં, લેખકે કોઈકને કોઈક સત્યને લઈ તેને વધારે શુદ્ધ રૂપમાં વધારે સ્પષ્ટ રીતે સમજાય તે હેતુથી આ કથાઓ આલેખી છે.

લેખક શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા એક જૈન શ્રદ્ધાસંપન્ન પુરૂષ છે. તેમને જૈન દર્શનનો અભ્યાસ છે અને તેમનું સાહિત્યવાચન વિશાળ છે. તે પોતાનું કથિતવ્ય સીધી સાદી રીતે કહી જાય છે. તેમની ભાષા સરળ છે. ને શૈલી ઉપદેશાત્મક છે, તેમાં કલાગૂથણીની અપેક્ષા રાખવામાં આવી નથી. પોતાને જે કહેવું છે, તેને અલંકારથી મંડિત કરવાનો તેમણે પ્રયાસ કર્યો નથી.

પુસ્તકમાં પ પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીનું પ્રાક્કથન અભ્યસનીય છે. અને જેમનાં શુભ સ્મરણાર્થે આ ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે તે સ્વ. અ. સૌ. જશુમતીબહેન ત્રિભુવનદાસ પારેખના જીવનની રૂપરેખા આપવામાં આવી છે.

આવા પ્રકારની કથાઓનો મૂળ હેતુ, ઉપર કહ્યું છે તેમ, જીવનને ઉર્ધ્વગામી બનાવવાનો હોય છે. આમાંથી વહેતી જ્ઞાનધારા સૌને લાભદાયી નીવડો. જે હેતુસર આ કથાઓ લખાઈ છે તે પરિપૂર્ણ થાઓ એવી ઇચ્છા અને આશા સાથે આ પુસ્તક વાંચવાની જિજ્ઞાસુઓને ભલામણ કરવામાં આવે છે.

---

**શીલધર્મની કથાઓ** : ( ભાગ ૧ લો ) લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા. પ્રકાશક : કલ્પદ્રુમ, સાહિત્ય પ્રકાશન મંદિર, ૩૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ ૩. કિંમત રૂ. ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારૂં અપૂર્વ પ્રકાશન

જેમને કાલકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે ‘અનુમલ્લવાદિનં તાર્કિકાઃ’ કહીને બિરદાવેલા છે તે તાર્કિકશિરોમણિ વાદિપ્રભાવક આચાર્યપ્રવર શ્રી મલ્લવાદીપ્રણીત–

આચાર્યશ્રી સિંહસૂરી ગણિ વાદી ક્ષમાશ્રમણ વિરચિત ન્યાયાગમાનુસારિણી વૃત્તિ સહિત–

પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરના પ્રશિષ્ય પૂજ્યપાદ મુનિ-મહારાજશ્રી ભુવનવિજયજીના અંતેવાસી, ભારતીય સમગ્ર દર્શનશાસ્ત્રોના તલસ્પર્શી જ્ઞાતા વિદ્વાન મુનિ મહારાજશ્રી જંબૂવિજયજી સંપાદિત–

વિયેના યુનિવર્સિટીના પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનના સુપ્રસિદ્ધ વિદ્વાન પ્રોફેસર ડૉ. એરિચ ફ્રાઉવાલ્નેરની વિદ્વતાપૂર્ણ પ્રસ્તાવના સાથે–

**ન્યાયશાસ્ત્રના અભ્યાસીઓ માટે અતિ આવશ્યક અને જ્ઞાનશાળાઓ યુનિવર્સિટીઓ, પુસ્તકાલયો, જૈન ભંડારો વગેરેએ ખાસ વસાવવા યોગ્ય**

# द्वादशारं नयचक्रम्

## प्रथमो विभागः

(१–४–अराः)

વિદ્વાન મુનિરાજશ્રી જંબૂવિજયજીએ દેશપરદેશના વિદ્વાનોનો સંપર્ક સાધી સંસ્કૃત, અર્ધમાગધી પ્રાકૃત, અંગ્રેજી ઉપરાંત તિબેટન (ભોટ), ચીની, ફ્રેંચ વગેરે ભાષાઓમાં લખાયેલા સંબંધિત બૌદ્ધ અને બ્રાહ્મણ ગ્રંથોમાંથી અથાગ પ્રયત્ન કરી સંદર્ભો મેળવી જે વિદ્વતાપૂર્ણ પ્રાક્કથન, ટિપ્પણીઓ, ભોટ પરિશિષ્ટ વગેરે આપેલાં છે તે આ ગ્રંથની ખાસ વિશિષ્ટતા છે. આના લીધે આ ગ્રંથનું મહત્ત્વ અતિશય વધી ગયું છે. આ સબંધમાં પ્રોફેસર ડૉ. ફ્રાઉવાલ્નેર પ્રસ્તાવનામાં લખે છે કે–

“મુનિ જંબૂવિજયજીએ મૂળ ગ્રંથનું પુનર્નિર્માણ એવી સરસ રીતે કર્યું છે કે મલ્લવાદીની વિચાર-સરણી પૂર્ણ નિશ્ચયાત્મક દેખાતી ન હોય તેવા સ્થળોએ પણ તેનો મુખ્ય આશય સંપૂર્ણપણે સમજી શકાય છે. આ ગ્રંથ બહુ જ કાળજીપૂર્વક તૈયાર થયો હોવાને લીધે આપણે સહુએ ધ્યાનમાં લેવા જેવો છે. ટીકાનો પાઠ વિશ્વસનીય છે અને અનેક શુદ્ધિઓ દ્વારા બુદ્ધિગ્રાહ્ય બનાવાયો છે. સૌથી વધારે તો, અનેક ટિપ્પણો અને સંબંધ ધરાવતા ગ્રંથોના પૂર્વાપર ઉલ્લેખોથી આ પાઠની ઉપયોગિતા વધી છે.

મુનિશ્રી જંબૂવિજયજીએ આ ગ્રંથ તૈયાર કરવામાં જે અગાધ જહેમત ઉઠાવી છે, તે બદલ તેઓશ્રી ભારતીય દર્શનશાસ્ત્રમાં રસ લેનારાઓના અને ખાસ કરીને જૈન દર્શનના અભ્યાસીઓના આભારને પાત્ર બન્યા છે. તેમજ આ ગ્રંથ પ્રકાશનમાં લાવવા બદલ શ્રી જૈન આત્માનંદ સભાના સંચાલકો પણ આભારને પાત્ર બન્યા છે.”

(કિંમત રૂ. ૨૫) પચીસ, ટપાલ ખર્ચ અલગ

: પ્રાપ્તિ સ્થાન :

**શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ : ભાવનગર.**

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ ભાવનગર.

For Private And Personal Use Only